Patel Shivjee Kanjee

બીજી આવૃતી.

દફએ મુશકેલાત.

લખનાર,

મી. મુસા જાફર મુમણ.

કચ્છ—મુંદરા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

એદલજી ધનજી કાબા

અમરેલી—કાઠીયાવાડ.

ઇ. સ. ૧૯૨૦ પ્રત ૧૦૦૦

૭૮૬

Patel Shivjee Kanjee Karsan…

બીજી આવૃતી.

દફ્યે મુશકેલાત.

લખનાર,
મી. મુસા જાફર મુમણ.
કચ્છ—મુંદરા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
એદલજી ધનજી કાબા
અમરેલી—કાઠીયાવાડ.

ઇ. સ. ૧૯૨૦ પ્રત ૧૦૦૦

૧ર્ણ

વકફ અને વિનંતિ

આ પુસ્તકની એક હજાર પ્રતો હીદાયતના હીમાયતી સખી ગૃહસ્થો તરફથી વકફ કરવામાં આવી છે અને તે આપના મુબારક હાથમાં એવા પવિત્ર આશયથી મુકવામાં આવી છે કે, પ્રથમતો આપ તેને જોવાવાળી આંખોથી જુઓ સાંભળનારા કાનોથી સાંભળો અને વિચારવાવાળા અંતઃકરણથી વિચારો અને ત્યાર બાદ જો આપ અસ્નાઅશરી હોતો, તેને કોઇ પણ સજ્જન આગાખાની બંધુને આપો, કે જેથી તે બીરાદર પણ તેને તેવીજ દ્રષ્ટિથી જુએ, તેવાજ કાનોથી સાંભળે અને તેવાજ અંતઃકરણથી વિચારે અને સત્યાસત્યનો તોલ કરે અને તેમ કરી લખનાર તથા વકફ કરનારનો હેતુ બર લાવે.

લી૦ સેવક,

એદલજી ધનજી કાબા.

દફ્એ મુશ્કેલાત.

ગઝબ હય રોઝે રોશનકા શબે દેજુર હો જાના !
ચમકના કુફ્રકા ! ઇસલામકા કાફૂર હો જાના !

લખનાર,
મી૦ મુસા જાફર મુમણ
કચ્છી—મુંદરા.

છપાવી પ્રગટ કરનાર,
એદલજી ધનજી કાબા
અધિપતિ “ નુરે હિદાયત ”
અમરેલી—કાઠીયાવાડ.

ઈ૦ સ૦ ૧૯૨૦ પ્રત ૧૦૦૦. આવૃતી બીજી.

ધી ઓઝા પ્રિન્ટીંગ પ્રેસમાં ઓઝા પ્રાગજી ભીમજીએ
છાપી. રાજકોટ.

૭૮૬

સદાએ હક.

હે સાકી અબ હમ જાતે હેં
ઇસ પરચેકો છપવાતે હેં
ઇસકો હમ તકસીમ કરેંગે
જો માંગેગા ઉસકો દેંગે
હાથું હાથ બટેગા છપકર
ઇસકી ધુમ મચેગી ઘર ઘર
ઇસમેં હે વોહ માલ મસાલા
ખુશ હો જાયેગા પઢને વાલા
ઇસકા હર મઝમું હે સચ્ચા
ઇસકો પઢેગા બચ્ચા બચ્ચા
હમને સબ સચમુચ લીખા હે
ઝુઠસે હમકો મતલબ ક્યા હે
જો ભી ફહેમ ઇસે દેખેગા
હમકો દાદ વોહ બેશક દેગા
હાસીદકા કુછ જીક્ર નહિ હે
હમકો ઉસકી ફીક્ર નહિ હે

પ્રસ્તાવના.

બિસ્મિલ્લા હિર્રરહમા નિર્રહીમ.

નહમદોહુ વ નોસલ્લી અલા રસુલેહિલ કરીમ. ખુદાવંદે તઆલાની તાઅરીફ અને હ૦ રસુલે પાક ઉપરે દુરૂદો સલામની બાઅદ, આએ ન્હાનકડો રીસાલો સુજ્ઞ વાંચકોની સેવામાં રજુ કરતાં પ્રસ્તાવના રૂપી થોડાક બોલો વાંચકોની સેવામાં વિદીત કરીશ.

પ્રિય વાંચકો! ચાલુ ઝમાનામાં પુસ્તકો લખવાનો અને વાંચવાનો શોખ દિન પ્રતિદીન વધતો જોવામાં આવે છે. અને તે નિમતે જાહેર લેખકોની સંખ્યા પણ વધતીજ જણાય છે. કેટલાકો સાહિત્ય સેવા બજાવી રહ્યા છે, કેટલાકો દેશોન્નતી વાસ્તે કોશેશ કરી રહેલા જણાય છે, જયારે કેટલાકો કોમી સેવા અર્થે બહાર પડતાં જોવામાં આવે છે. તેમજ ચાલુ સમયમાં ધાર્મિક વિષયો ચર્ચવાની દરેકને સંપુર્ણ છુટ હોતાં, કેટલાકો ધાર્મિક વિષયોમાંજ મચ્યા અને મંડયા રહે છે.

ખોજા કોમમાંથી પણ સમય અનુસાર જાહેર લેખકો બહાર પડતા રહે છે, એ ખુશી થવા જેવું છે. ખોજાઓની આગાખાની ઇસમાઇલી કોમમાંથી પણ ટુંક મુદતમાં ઘણાઓ લેખકો તરીકે બહાર પડયા છે. એટલુંજ નહિ પણ, તેઓમાંથી "ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડળ" ના નામથી એક સંસ્થા પણ ઉભી થવા પામી છે, અને તેના તરફથી પોતાની કોમના લેખકોને સંપુર્ણ રિતે ઉતેજન અપાતું રહે છે, જે અલબતા વખાણવા

પાત્ર છે. મજકુર મંડળના લેખકો ઘણે ભાગે ઇસમાઇલી ધર્મની સેવા બજાવવાને કોશેશ કરી રહેલા જોવામાં આવે છે; જો કે ઘણા વર્ષો પુર્વે ઇસમાઇલી-આગાખાની કોમ પોતાના ધાર્મિક સિદ્ધાંતો બહાર ન જવા પામે, તેના માટે બહુ કાળજીમંદ રહેતી; બલ્કે પોતાના ધર્મને 'સતપંથ' તરીકે ગુપ્ત રહેલુંજ જોવા માંગતી હતી. પણ હાલ થોડાક વર્ષો થયાં ઇસમાઇલી લેખકો પોતાના ધર્મને માસીકો અને સ્તકો દ્વારા પ્રસિદ્ધિમાં લાવવા લાગ્યા છે, એટલું જ નહિ, પણ વાદવિવાદના અખાડામાં પણ ઉતરવા લાગ્યા છે. (અત્રે એટલું જણાવવું અસ્થાને નહિ ગણાએ કે, ઇસમાઇલી ધર્મનાં સિદ્ધાંતો (અકાયદો) તેમજ ધાર્મિક ક્રીઆઓ પહેલ વહેલે જાહેરમાં લાવવાનો સાહસ મી૦ કાબા વી૦ લેખકો તરફથીજ થયેલ છે. ઘણે ભાગે મી૦ કાબાની કોશેસોનુંજ પરિણામ છે.)

કેટલાક ઇસમાઇલી-આગાખાની લેખકો તરફથી જે ધાર્મિક સિદ્ધાંતો અને નિજ ધર્મની પુષ્ટીમાં જે પ્રમાણો બહાર પડતાં આવે છે તે તપાસતાં ઘણોજ ગુંચવણ ભરેલો મામલો થઇ પડયો છે. કોઇ ઠેકાણે હિંદુશાસ્ત્રોને માન્ય રાખવામાં આવે છે કોઇ ઠેકાણે જ્ઞાનો ઇસમાઇલી સતપંથ શાસ્ત્રો) નેજ મુખ્ય આધારભુત ગણવામા આવે છે. કોઈ ઠેકાણે શાએરો (કવીયો) નાં બોલોને વધુ વજન લાગુ પાડતા જણાય છે, તો કોઈ ઠેકાણે ઇસલામી સાચનો પાક કુરઆને શરીફની આયતો અને હદીસોના દાખલાઓ આપતા જણાય છે, એટલુંજ નહીં પણ કોઇ ઠેકાણે

તો ફકત પાક કુરાને શરીફનેજ માન્ય રાખે છે અને હદીસોને કબુલ નથી રાખતા. (જો કે તેજ લખાણોમાં પોતાના મતને મજબુતાઇ આપવા સારૂ હદીસોનો આધાર લીયે છે !) અને તેવા સિદ્ધાંતોમાં પણ પોતાને મનગમતા અર્થના અનર્થો કરી જેમ તેમ લખ્યા જાએ છે. જે જે ગૃહસ્થોએ ઇસ્માઇલી લેખકોનાં લખાણો વાંચી જોયાં છે તેઓ પાસે મજકુર બાબતો અજાની નથી તેમજ ભાવાર્થ લખવામાં પણ કમાલ કરી રહ્યા છે (૧) દાખલા તરીકે " અલીઅલ્લાહમે હુએ ઇસરારે મસ્તાં " એવી રીતની એક શેઅરની કડી ' રોઝેતુસ્શોહદા ' નામની કીતાબમાં છે જેનો ભાવાર્થ એક ઇસ્માઇલી લેખક જણાવે છે કે " અલીને અલ્લાહ કહેવામાં મસ્ત પ્રેમીઓનો મહાન ભેદ છે " એવા ઘણા દાખલા મારી નજર સામે તરી રહ્યા છે, જયારે એક સાદા અને સ્હેલા વાકયનો એવો અર્થ ! ત્યારે પાક કુરાને શરીફ અને હદીસોના વાકયોમાં કેવી રીતે વર્તવામાં આવતું હશે ?? તો એવા ગડબડ ગોટાળાને લીધે પબ્લીકને બહુજ ગુંચવાડામાં નાખી આપે છે અને તેઓનો ખરો એઅતેકાદ શો છે ? તે જાણવાના માટે પબ્લીક શંકાઓમાં પડી જાય છે જેથી પબ્લીક તરફથી તેવા લેખકોને પ્રશ્નો પણ પુછાતા રહે છે. હમણાજ " જીમ " નામના કોઇ ગૃહસ્થે મી૦ વરતેજીને પુછેલ તેપન સવાલોને લગતું પેમ્ફલેટ મારા હાથમાં આવવા પામ્યું છે. ઉપરાંત " મીમ " ના તખલ્લુસથી કોઇએ મી૦ સુનારાને અને ' અએન ' ના તખલ્લુસથી મી૦ હુદાને કોઇએ સવાલો પુછાવેલ છે એવું લખાણ ' ઇસ્માઇલી સતપંથ પ્રકાશ " નામના

માસીકથી જણાઇ આવે છે. ઉપરાંત પોતે ઇસલામીઓનો દાવો કરવા છતાં કેટલેક ઠેકાણે ખુલ્લે ખુલ્લા ઇસલામી અકાયદાઓ વિરૂદ્ધ અકાયદો જણાવતા રહે છે, અજાયેબ જેવું છે કે તે પ્રત્યે ઇસલામીઓનું લક્ષ ખેંચાતું નથી!

મજકુર ઇસમાઇલી લેખકો તરફથી વા.દ.વિવાદનાં પુસ્તકો પણ અવારનવાર બહાર પડતાં જોવામાં આવે છે, જેમાં વિરોધીઓનો રદ પ્રગટ કરવામાં આવે છે પણ તેવા લેખોમાં એક જાહેર લેખક તરીકેની મર્યાદાનો સરીયામ ભંગ કરતા જોવામાં આવે છે. ભાષાની લગામ હાથથી છોડી દેતા જણાય છે એવી ગલીચ અને આકરી ભાષામાં લખાણો કર્યા કરે છે. કે જે ઉપરે સમજુ વર્ગને અફસોસી કરવી પડે છે. તેઓની કોમમાંનાજ કેટલાક સમજુઓ મજકુર લેખકોના લખાણોને આકરાં પડતાં જણાવી રહ્યા છે, અને એવા પુસ્તકોના નામોમાં કેટલાકના નામો પણ એવા ટાઇટલવાળા જણાય છે કે બસ! દાખલા તરીકે "ફીતુરીને ફટકો-દોઆના દુશમનને ઝટકો" તથા "ઠાણાનું ઠેકાણે આવેલું ભેજું" ઉપરાંત "ઇસમાઇલી ચાબુક" અને વળી હાલમાં "સુનારાનો ચાબુક" છપાવનાર છે. વી૦ વી૦ તો એવા પુસ્તકોથી અને એવા એવા ટાઇટલોથી તથા એવા આકરા લખાણોથી સમજુ વર્ગમાં તે લખાણો પ્રત્યે, માનની લાગણીથી ન જોવામાં આવે એ સ્વભાવિક છે.

જયાં સુધી મજકુર લેખકો તરફથી એવા લખાણોનો ફેલાવો બનતાં સુધી પોતાની કોમની અંદરજ રહેવા પામ્યો ત્યાં સુધી

પબ્લીકને તે પ્રત્યે વધુ લક્ષ દોરાવવાનો સબબ રહેતો નહોતો; પણ થોડું ક થયું તેઓએ હવે પોતાના ખ્યાલોનો ફેલાવો પબ્લીકમાં કરવાનો સાહસ માથે ઉપાડી લીધો છે, જેના પહેલા પગથીઆ તરીકે " ઈમામે મોજુદ " અને ' મુશકીલાત " નામના બે પેમ્ફલેટો પ્રગટ કરીને તે પબ્લીકમાં વહેંચવામાં આવ્યા છે. તો એક પબ્લીકની મતા તરીકે આએ અદના સેવકનું લક્ષ તે પ્રત્યે ખેંચાયું, અને જે ઉપરથી બેઉ પેમ્ફલેટોની તપાસ કરવાની અગત્યતા જણાઈ " ઇમામે મવજુદ "ની તપાસના પરીણામ રૂપે કેટલાક પૃષ્ટો તૈયાર કરવામાં આવ્યાં, પણ એટલામાં મજકુર પેમ્ફલેટના રદમાં બીજાઓ તરફથી કોશીશ કરવામાં આવે છે એવા સમાચારોથી તેમજ મી૦ જાનમોહંમદ ઝીણા તરફથી પણ 'રદ્દે ઈમામે મવજુંદ' ની જાહેર ખબર પ્રગટ કરાવવામાં આવ્યાથી, મારા વિચારને આગળ ઉપર મુલતવી રાખી " મુશકેલાત " નામના પેમ્ફલેટની તપાસ કરવાની જરૂર જણાઈ જે ઉપરથી મજકુર પેમ્ફલેટની તપાસ અને તે ઉપરથી મને જે વિચારો સ્ફુરી આવ્યા તે પબ્લીકની સમક્ષ રજુ કરેલ છે. અત્રે એટલું જણાવવું જરૂરી છે કે મી૦ ઉનાવાળા તરફથી મજકુર પેમ્ફલેટમાં હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પ્રત્યે કેટલીક શંકાઓ પબ્લીક પાસે પેશ કરવામાં આવી છે. અને તેનો આધાર બે ત્રણ કીતાબોના ઉતારા ઉપરે અવલંબી રહ્યો છે. જો કે જાહેરમાં શંકા સમાધાન કરાવવાનો ઉદ્દેશ બતાવવામાં આવ્યો છે, પણ અંદરખાને તેનો હેતુ શો છે ! તે આ રિસાલો વાંચ્યા પછી વાંચકોના ધ્યાનમાં આવી જશે. હવે જે રસ્મો કો-

યમ રફી શકવાના વાસ્તેના પુરાવાઓ મી૦ ઉનાવાળાએ માગ્યા છે તેવા પુરાવાઓ (અઝાદારીની રસમોને લગતા) ઉરદુ, અરેબીક, ફારસી વી૦ કીતાબોમાં સેંકડો મોજુદ છે. હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીનો વિષય, એ જુનો અને ચર્ચાઇ ગયેલા વિષય છે. અને અઝાદારીના હીમાયતીઓએ અઝાદારીની રસ્મો સાબીત પણ કરી આપી છે. ગુજરાતી ભાષા પણ એવા સાહિત્યથી ખાલી નથી. જેથી લંબાણમાં ન ઉતરતાં ફકત મી૦ ઉનાવાળાએ જે સાધનોના પ્રમાણો આપેલ છે તે ઉપરજ તપાસ કરીને તે તપાસને અંગે મજકુર કિતાબોમાંથી જે સાબીતીઓ મળી શકી અને તે ઉપરે જે વિચારો ઉદભવ્યા તે સારાંશ રૂપે વાંચકોની સેવામાં નિવેદન કરેલ છે. અને તેનો તોલ કરવાનું વાંચક વર્ગની મુનસફી ઉપર છોડું છું.

આએ પેમ્ફલેટમાં ક્યાં પણ વાક્ય રચનાનો ફેર અથવા ભાષા દોષ કે ભુલ ચાલ જણાય તો સુજ્ઞ જનો કૃપા દ્રષ્ટિથી ક્ષમા કરશો એવું ઇચ્છું છું. મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે.

છેવટે મારા જે મિત્રોએ આએ પેમ્ફલેટ છપાવી અને મુફત વહેંચવાના વાસ્તેનો ખર્ચ પોતાના સિરે ઉપાડી લીધો છે તેના વાસ્તે હું તેઓનો અંતઃકરણ પુર્વક આભાર માની પ્રસ્તાવના પુર્ણ કરું છું.

મુંદરા (કચ્છ) તા. ૨૪-૧-૨૦

અદના સેવક,

મુસા જાફર.

ભૂમિકા.

ચો કુફ્ર અઝ કાબા બરખીઝદ કુજા માનદ મુસલમાની
ચો ઝુલ્મ અઝ થાના બરખીઝદ કુજા માનદ નીગેહબાની

અર્થ—જો ઇબાદતખાનામાંજ કુફર થવા માંડે તો પછી મુસલમાની ક્યાં રહી? અને જો પોલીસના થાણામાંજ જુલમ થવા માંડે તો પછી સલામતી ક્યાં રહી?

એ બાબ(ત)ની કોઇએ સ્વપ્ને પણ આશા નહિ રાખી હોય કે, ખોજા કોમ, કે જે તેની ઉતપતીના સમયથીજ, હજરત ઇમામ હુસેન અલેહિસ સલામના મુબારક નામ ઉપર પોતાના પ્રાણને ફીદા કરતી આવી છે તેમાં એવા પણ લોકો ઉપ્તન થશે કે, જે તેના મુબારક નામની લોકોના દીલોમાં ઘર કરી બેઠેલી યાદગીરીને જડમુળથી ઉખેડી નાખવાને પ્રયાસ કરશે! જ્યારથી મરહુમ આગા હસનઅલીશાહના મુબારક કદમ હીંદુસ્તાનની સર જમીન ઉપર બીરાજમાન થયા, ત્યારથી તો, ખોજા કોમમાં હઝરત ઇમામ હુસેન અલેહિસ સલામના મુબારક નામ ઉપરની ફીદાગીરિ, એક દ્રષ્ટાન્ત રૂપે થઇ પડી છે ખુદ નામદાર આગાખાન સાહેબો પોતાના સઘળા કુટુંબીઓ તથા મુરીદો સહિત, દર વરસે મોહરમની અઝાદારીમાં શામેલ થતા આવ્યા છે અને તે અઝાદારી માટે તેઓ કાયમ દર વરસે લાખો રૂપીયા ખર્ચ કરતા

પણ રહ્યા છે, આ બાબત એટલી બધી જગ જાહેર છે કે, તેના માટે કાંઈપણ શાહદત આપવાની જરૂર રહેતી નથી. ખુદ નામદાર આગાખાનો તથા તેમના ચુસ્ત મુરીદોએ કોર્ટોમાં પ્રતિજ્ઞા ઉપરની જુબાનીઓ આપી, પોતાની હઝરત ઈમામ હુસેન અલેહિસ સલામ પ્રત્યેની ફીદાગીરિ તથા તે માટે કરવામાં આવતી અઝાદારીની, ડંકાની ચોટે ખાત્રી કરી આપી છે; એટલુંજ નહિ પણ, તે નામદારની ઇચ્છા તથા અનુકરણથી ખોજા જમાતખાનાઓમાં હઝરત ઇમામ હુસેન અલેહિસ સલામની અઝાદારીના કીસ્સાઓ હજારો લાખો રૂપીયાના ખરચે કચ્છી ભાષા તથા સીંધી હરફોમાં લખાઈ રાખવામાં આવ્યા. તથા તે દર વરસે મોટી અઝારારી સાથે વંચાતા થયા. અને જેની સાબીતીઓ હજુ પણ ઘણાખરા જમાતખાનાઓમાં મોજુદ છે.

પરંતુ એ એક અસાધારણ બનાવ ખોજા કોમને જોવો પડે છે કે, ઉપર જણાવેલા ખોજાઓની ઓલાદમાંથી અને ઉપર જણાવેલા આગાખાનના મુરીદોમાંથી, કોઈ કોઇ એવા એવા સેવકો ઉત્પન્ન થઇ જવા પામ્યા છે કે જે હજરત ઇમામ હુસેન અલેહિસ સલામની અઝાદારીને જડમુળથી ઉખેડી નાખવાને ડંકાની ચોટે મેદાનમાં નીકળી પડયા છે અને એ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી, કે જેના પ્રતાપે ખોજા કોમને ખરા ઇસ્લામનું જ્ઞાન પ્રાપ્ત થયું છે અને જેને લઈ તે પોતાના મઝહબી અર્ધદગ્ધ પણાના આરોપથી મુક્ત થતી ચાલી છે તેને પેમ્ફલેટોના શસ્ત્રો

બની ઘાયલ કરવાને નીકળી પડયા છે. :આ પણ એક જમાના-ની બલિહારીજ નહિ તો, બીજું શું કહેવાય?

હઝરત ઇમામ હુસેન અલેહિસ સલામની અઝાદારી કે. જે એવી તો આલમગીર ફેલાઈ છે કે, જેવા આલમગીર ફેલાવા વિશેનો બીજો કોઇપણ દાખલો સૃષ્ટિની સપાટી ઉપર મળવો એ ગુંબજ ઉપર અખરોટ ફેંકયા બરાબર છે. જગતના ચાલીસ કરોડ ઇ-સલામીઓ લગભગ ઘણા મળતાપણા સાથે, તેમજ હીંદુસ્તાનના કરોડો હીન્દુઓ વીગેરે પણ, તે ગરીબ મઝલુમની અઝાદારી પોતાના પ્રાણો પાથરીને કરે છે અને તે :એટલે સુધી કે મોટા મોટા મહારાજાઓ પણ, મોહોરમ માસમાં તે કુદરતએ જોરો જફા (હજરત ઈમામ હુસેન અ૦) ની અઝાદારીમાં ખુલ્લે પગે અને ખુલ્લે માથે રોતા તથા ગમ કરતા જોવામાં આવે છે. જ્યારે એ ઘણોજ ગમગીની ભર્યો દેખાવ છે કે અમારીજ કોમના લોકો તેની અઝાદારીને મલ્યામીટ કરવાને અસાધારણ પ્રયાસ કરવા લાગ્યા છે. અને તે બનાવ એવો તો શરમ ઉપજાવનારો છે કે, જેને લઈ સમગ્ર કોમને નીચું જોવું પડે છે; પરંતુ અમો ભુલતા ન હોઇએ તો, ખોજા કોમમાં હઝરત ઈમામ હુસેન અ૦ ની મહોબત તથા અઝાદારીનો અસર એટલો બધો ફેલાઇ તથા અસર કરી ગયો છે કે, જેને ઉખેડી નાખવા માગનારા, તેમાં વધુ ફાવી શકયા નથી તેમ ફાવી શકનાર પણ નથી; પરંતુ કોમના સ-મજુ વર્ગે કીસમતને ભરૂસે નહિ બેશી રહેતાં, તેવા બારજી આન્દોલનનો અટકાવ કરવાની જરૂર છે.

અલબતા, અમો એટલું તો જરૂર કહીશું કે, ખોજા કોમમાંના કેટલાક આસામીઓ છુપી રીતે હઝરત ઇમામ હુસેન અ૦ની અઝાદારી નાબુદ કરવાને પ્રયાસ કરી રહ્યા હતા અને હજુ કરવામાં છે. પરંતુ કોઇએ તે કામ જાહેર પેમ્ફલેટ છપાવી કરવાનું હાથ ધર્યું નહિં હતું; પરંતુ આ કામની પહેલ કરવાનો ફાળો મી૦ ઉનાવાળાને ફાળે આવ્યોછે અને તેઓ ઇમામ હુસેન અ૦ની અઝારી અટકાવવાના કાર્યમાં પહેલ કર્યાનું માન ખાટી ગયા છે; પરંતુ કોમના સમજુ બીરાદરો, ખોજા કોમની દીનીતથા દુનિયવી ઉન્નતી માટે, તેમના આવા પ્રયાસને ઘણીજ નફરતની દ્રષ્ટિથી જોયા વિના રહેશે નહી. કેમકે તેઓ,- હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારીના પ્રતાપે કોમને દીની તથા દુનિયવી લાભો મળેલા પ્રત્યક્ષ જોઇ શકયા છે અને હજુ પણ તેજ પ્રયાસથી કોમને દીની :તથા દુનિયવી અનેક લાભો મળવાની વકી રાખી બેઠા છે કે, જેમાં તેઓ તદ્દન વ્યાજબી ઉપર છે અને અમોને ખાત્રી છે કે, મી૦ ઉનાવાળાના આ નિર્દય પ્રયાસને સઘળાઓ નફરતની નજરથી જોવા ઉપરાંત, તે પ્રયાસને ન્યાય ભરી હીલચાલથી નિર્બળ બનાવી દેવાને પ્રયત્ન કરવા ચુકશે નહિ અને અમો કોમના ઉમંગી લેખકોને મી૦ મુસા જાફર સુમનની જેમ પવિત્ર પ્રયાસની બિનંતી કરતાં, આટલીજ ટુંક ભૂમિકા ઉપર તેને સમાપ્ત કરીએ છીએ.

લી.

એદલજી ધનજી કુ[illegible]

બીજી આવૃતિ.

આ રીસાલાની પહેલી આવૃતિની માત્ર પાનસો નકલો છપાવવામાં આવી હતી. તેજ અરસામાં "મી. હુદાને ત્રીશ સવાલો" તથા "મી ચુનારાને પંચોતેર સવાલો" ના રસીલા પણ તેટલીજ સંખ્યામાં છપાવવામાં આવ્યા હતા; પરંતુ છેલ્લા બંને રીસાલા કરતાં આ "દફએ મુશકેલાત" ની માગણી એટલી વિશેષ પ્રમાણમાં થવા પામી કે, તેની પાનસો પ્રતો માત્ર બેજ માસમાં ચટણી થઇ ગઈ. અને માગણી ઉપર માગણી ચાલુજ રહી છે. આ ઉપરથી ખોજા પબ્લીકને આ રીસાલો વધુ ઉપયોગી તથા અસરકારક જણાયો પુરવાર થાય છે.

આ રીસાલો તેના અસરકારક લખાણ ઉપરાંત બીજા એક કારણને લઇ પણ વધુ ઉપયોગી ગણવાની અમારી માન્યતા છે. અને તે એ કે સંવત ૧૯૫૬ ની સાલથી ઇસમાઇલી આગાખાની આગેવાનોએ પોતાની જમાતમાંથી હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી દુર કરવાને મૂંડી ફૂંકી પગલાં લેવા માંડયાં અને દરેક જમાતખાનામાં પડાતો હઝરત ઇમામ હુસેન અ૦ નો કીસ્સો સાંભળવાને જતા, તેમને ભારે ભારે ધમકીઓ આપી અટકાવ્યા. જેઓ ગયા તેમનાપર જમાતમાં કેસ ચલાવી, તેમને ગુનેહગાર ગણી તેમના દંડો કીધા. અને ઇસનાઅશરી ઇમામવાડાઓમાં કોઈપણ ઇસમાઇલી ન જાય, તે માટે લઇ શકાય તેટલી તકેદારી રાખી અને પરિણામે હઝરત ઈમામ હુસેન અ૦ ની અઝાદારી, એ તેમનામાં મોટા ગુનાહ સમાન થઇ પડયું. જમાતના આગેવાનોને નામદાર આગાખાન સાહેબે ગમે તે પગલાં લેવાની છુટ આપેલી, તેથી આગેવાનો

આ બાબતમાં જેમ ફાવી શકાયું, તેમ વરત્યા અને પરિણામે પોતાની જમાતોમાંથી હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી દુર કરવાને શક્તિવાન નીવડયા.

ઇમામ હુસેન અ૦ ની અઝાદારી દુર કરવાને આટલી બધી જુમ્બેશ તથા અત્યાચાર ચલાવવાની શી જરૂર હતી એવો પ્રશ્ન સ્વભાવિક થઇ આવે; પરંતુ તેનો જવાબ બહુજ સ્હેલો છે કે ખોજાઓને હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી, શુદ્ધ ઇસલામપર લાવવાનું અંદરખાનેથી કામ કરી રહી હતી અને તેણે પોતાના પાવરનો એજમતી અસર દેખાડયો. અને પરિણામે ત્રીશ હજાર જેટલા ખોજાઓ ગુલ્લાત માન્યતા તજી શુદ્ધ ઇસલામી માન્યતાપર આવવાને શક્તિવાન નીવડયા આ ઉપરથી બાકીનાઓને ગુલ્લાતપણામાં ટકાવી રાખવા તથા શુદ્ધ ઇસલામી નહિ થવા દેવાને માટે તેઓએ બચાવ માટે હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પોતાના ટોળામાંથી દુર કરવાને લઇ શકાય તેટલાં પગલાં ભર્યા. અને તેમાં વત્તા ઓછાપણામાં ફળીભુત થયા; પરંતુ ઇસનાઅશરીઓમાં જે હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી ચાલુ રહી છે તેથી તેમને એવી ધાસ્તી રહે છે કે, રખેને તેના કારણે પોતાની જમાતના લોકો શુદ્ધ ઇસલામી જમાતમાં ન શામેલ થઇ જાય હવે ઇસનાઅશરીઓ ઉપર તો તેમની જમાતની કાંઇપણ સત્તા ચાલે નહિ, તેથી મુંબઇના ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડળ તરફથી, મી. નુરમામદ બાબુલ ઉનાવાળાએ ઇસનાઅશરીઓમાંના અઝાદારીના તત્વને નિર્બળ બનાવવાને, "મુશ્કેલાત" નામનું પેમ્ફલેટ દસ હજારની સંખ્યામાં છપાવી તેનો ઇસનાઅશરીઓમાં મોટો ફેલાવો કર્યો. માટે ઇસમાઇલીઓના આવા

મલિન ઈરાદાને રોકવાને, આ "દફ્એ મુશ્કેલાત" નો રીસાલો વધુ ઉપયોગી ગણાવો જોઇએ.

ઇસમાઈલી સાહિત્ય ઉતેજક મંડળના આવા મલીન હેતુને ઇસનાઅશરી લોકો બરાબર સમજવા પામ્યા હોય, એમ અમો માની શકતા નથી; કેમકે જો તેઓ તેમ સમજી શક્યા હતે તો, તેની બીજી આવૃતિ માટે અમોએ જે જુદા હેન્ડબીલો છપાવી અપીલ કીધી હતી તેના જવાબમાં તેની દશ હજાર નકલો છપાવવાના ઓરડરો મળી જતે; પરંતુ તે અપીલ ઉપરથી એક ગામની મેહફીલે પંજેતનીના મેમ્બરોએ રૂા. ૩૦-૭-૦ તથા બીજા એક બીરાદરને તે માટે લખવાથી, તેણે રૂા. ૩૦) ત્રીશ મોકલાવ્યા. અને તેટલા ઉપરથી તેની બીજી આવૃતિની પાનસો નકલો છાપવાને તેનું મેટર છાપખાનામાં આપી દેવામાં આવ્યું; પરંતુ હજુ કામ શરૂ નહિ થયું હતું તેટલામાં, જંગબારવાળા હમદર્દે ઈસલામ શેઠ આલીભાઇ નથુભાઇએ અમારા કોમી તથા દીની સાહિત્યના પ્રચાર માટે ઉતેજન માટે સાહિત્યના પ્રચાર માટે ઉતેજન માટે સારી જેવી રકમ મોકલાવી, જેથી અમોએ તે રકમનો બીજા સાહિત્યના પ્રચારમાં ઉપયોગ કરવાના પ્રોગ્રામ સાથે, આ રીસાલાની પાનસો વધુ પ્રતો પણ છપાવી લેવાનું મુનસબ ધાર્યું અને તેથી તેની આ બીજી આવૃતિ એક હજાર નકેલોથી છપાવવામાં આવી છે અને તે પ્રથમની આવૃતિની જેમ વકફ રાખવામાં આવી છે કે, જેથી જે કોઇ મંગાવે તેને મોકલી આપવામાં આવે.

ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડલે જેમ "મુશ્કેલાત" ની "દશ હજાર" કોપીઓ છપાવી મફત વહેંચી છે તેજ

પ્રમાણે આ "દફ્એ મુશ્કેલાત" ની પણ 'દસ હજાર' કાપીઓ છાપી મફત વહેંચવામાં આવે તેવી અમારી દીલી ખાહેશ છે; કે જે ખાહેશ અનેક પવિત્ર હેતુઓને દ્રષ્ટિ મર્યાદામાં રાખી, અમો કોમના હમદર્દ શ્રીમંતો આગળ પેશ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે, તેઓ અમારી તે ખાહીશ, કે જે કોમ માટે આબે હયાત સમાન છે, તે પુરી પાડવામાં પછાત પડશે નહિ. "મુશ્કેલાત" ના પેમ્ફલેટથી ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડળે ખોજાઓમાંથી હઝરત ઈમામ હુસેન અ૦ ની અઝાદારી નાબુદ કરવાનો મલીન હેતુ રાખ્યો છે તેજ ધોરણે આ "દફ્એ મુશ્કેલાત" થી ખોજા કોમમાં હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી ટકાવી રાખવાનો; બલકે ઇસ્માઇલીઓમાં તેને સજીવન કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો છે. જો ઇસલામી શ્રીમંતો આ રીસાલાની બાકીની સાડાઆઠ હજાર નકલો છપાવવામા ફતેહમંદ નીવડે તો, ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડળનો મલીન હેતુ ખહુજ સરળતાથી નષ્ટ થઇ જાય. અને તેમ થવા સાથે, બીજા પણ અગણિત લાભો થાય એમાં જરાપણ શંકા નથી.

છેવટે અમો આ રીસાલો છપાવી વકફ કરવાના કાર્યમાં નાણાંની મદદ આપનારાઓનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનવાની રજા લઇએ છીએ. અને ખુદાતાલા પાસે દોઆ ગુજારીએ છીએ કે હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારીના સદકાથી તેમને આ લોક તથા પરલોકની નેકનામી અતા ફરમાવે.

ઇલાહિ આમીન.

એદલજી ધનજી [illegible]

૭૮૬

દફએ મુશકેલાત.

પ્રિય વાંચકો ! મહાન કૃપાળુ કિરતારે, મનુષ્ય માત્રમાં એવી એક ભલી લાગણી રાખી છે કે, જેના લીધે દરેક મનુષ્ય ઓછા વતા પ્રમાણમાં ઝાલિમ પ્રત્યે તિરસ્કાર, અને મઝલુમ પ્રત્યે દીલસોઝી ધરાવે છે, અને તે દરેક મનુષ્યનો કુદરતી સ્વભાવ છે! ઉપરાંત રોવું, એ એક કુદરતી બક્ષીસની લાગણી છે. જેને કોઇ મનુષ્ય અટકાવી શકતો નથી !! જે વખતે માણુસ ઉપર કાંઈ દુ:ખ આવી પડે છે, ત્યારે કુદરતીજ તેની આંખોમાં આંસુ આવી જાય છે. તેમજ પોતાના સબંધી અથવા જેના ઉપરે પ્રીતીની લાગણી હોય છે, તેના ઉપરે કાંઇ દુ:ખો પડતાં નજરે જુવે છે, અથવા સાંભળે છે, ત્યારે પણુ કુદરતી રીતે આંસુ આવી જાય છે. ઉપરાંત પોતા ઉપર અથવા કોઇ સબંધી ઉપર કાંઈ દુ:ખો આવી પડે છે ત્યારે કુદરતીજ મનુષ્ય બેચેન થઇ અને બેકરારી કરવા મંડી જાય છે.

દરેક ધર્મમાં તેઓના ધર્મગુરૂઓ ઉપરે કાંઇને કાંઇ; ઓછા વતા પ્રમાણુમાં સંકટો પડેલ છે, અને જે પ્રત્યે તેઓના અનુયા-

ઇઓ સ્વભાવિક રીતે દીલસોજી દર્શાવે છે. ઈસલામી આલમમાં આજથી લગભગ તેરસો વર્ષ ઉપરે, એક એવો મહાન, ભયંકર, અને ગમનાક બનાવ બની ગયો છે કે, જે પ્રત્યે સ્વભાવિક રીતે દરેક ઇસલામીની લાગણી અને દિલસોજી ખેંચાયા વગર ન રહે એ દેખીતુંજ છે!?

મજકુર દુઃખદાયક બનાવ, તે ઈસલામીઓના મહાન પયગમબર સાહેબ (હ. મોહંમદ મુસ્તફા સ.) ના નવાસા, હ. ઇમામ હુસેન અ. પ્રત્યે, કરબલાના મયદાનમાં બનવા પામ્યો છે (અને તે બનાવ એવો ભયંકર અને ગમનાક છે કે, તેના જેવી મુસીબતનો દાખલો કોઇપણ ધર્મમાં કોઇપણ તવારીખ (ઇતિહાસ) ઉપરથી મળી શકતો નથી! હ૦ ઇમામ હુસેન અ૦ ના સંકટો, આજદીન સુધી, જે જે ધર્મ નેતાઓએ સંકટો સહ્યાં છે, તે સરવે સંકટોને વીસરાવી આપે તેવાં છે) જેના લીધે મોહરમ મહીનો, કે જેના પહેલા દસ દિવસોમાં, હ૦ ઈમામ હુસેન અ૦ અને તેઓના અજીજો, સગા વહાલાંઓ બહુજ દુઃખદાયક સ્થિતિમાં હતાં, અને તેઓ ઉપરે એક બહુજ ગંભીર પ્રકારનો જુલ્મ ગુજારવામાં આવેલ; તો તે પ્રત્યે ઇસલામી આલમની દીલસોજી ખેંચાય એ સ્વભાવીક છે. મજકુર દુઃખદાયક બનાવને, ઇતિહાસ વેતાઓ સારી રીતે ગંભીરાઇથી વર્ણવી ગયા છે. ઈસલામી ઇતિહાસ વેતાઓ સિવાય યુરોપીયન, હિંદુ, અને પારસી લેખકોએ પણ, એ સબંધમાં દીલસોજ વિચારો જણાવ્યા છે. મજકુર ગમનાક બનાવ પ્રત્યે,

દરેક મનુષ્યની દિલસોજી એ'આમ, એ માણસ જાતની કુદરતી પ્રકૃતીને અનુસરતુંજ છે।

મોહરમ માસમાં, જે જે સ્થળે (દુન્યાના કોઇપણ ભાગમાં) ઇસિલામીઓની વસ્તી હોય છે, તે ઠેકાણે, હ૦ ઇમામ હુસેન અ૦ ની યાદગીરી બહુજ ગંભીરાઇથી, દીલસોજી સાથે પાળવામાં આવે છે, અને તેઓ ઉપરે જે અસહ્ય દુઃખો પડયાં છે, તેનું વર્ણન પુર ગંભીરાઇથી કરવામાં આવે છે. અને મજકુર બનાવ પ્રત્યે ઇસલામીઓ સિવાય અન્ય કોમો પણ, પોતાની દીલસોજી દર્શાવે છે. હિંદુસ્તાનમાં મજકુર યાદગાર પ્રસંગે એક ઘણોજ ગમનાક દેખાવ થઇ રહે છે, અને જે પ્રત્યે ઇસિલામીઓ સિવાય અન્ય કોમો પણ સહાનુભુતી દર્શાવે છે. લખનઉ વી૦ તરફ કેટલાક હીંદુઓ વી૦ પણ હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીમાં—મજલીસોમાં તેમજ તાબુતો વી૦ માં ભાગ લીએ છે; તેમજ ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ વી૦ તરફ પણ, અન્ય ધર્મવાળાઓ, મહોરમના દસ દીવસોને ગમના દીવસોજ ગણે છે, અને કેટલાકો હ૦ ઇમામ હુસેન અ૦ ની માનતા (તાબુતો વી૦ ઉપર) પણ કરતા જણાય છે. અને પોતાની દીલસોજી દર્શાવે છે. તો ઇસલામીઓ, કે જેઓનો સબંધ હ૦ ઇમામ હુસેન અ૦ પ્રત્યે વધુ છે (તેઓ) મજકુર મોહરમના દીવસો પુર ગંભીરાઈ અને દીલસોજીથી પાળે તેમાં નવાઇ શું?

ઇસલામ મહાન સ્થાપક હ૦ મોહંમદ મુસ્તફા (સ૦)

એ, પોતાના નવાસા (હ૦ ઈમામ હુસેન અ૦) પ્રત્યે મહોબ્બત રાખવાનો ઉપદેશ બહુજ મજબુત રીતે ભાર દઈને કરેલ છે, ઉપરાંત ઇસલામી કીતાબોમાં ઠેક ઠેકાણે હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી કરવાનો, બેહદ સવાબ (પુણ્ય) વર્ણવેલ છે. મજકુર કારણોના લીધે ઇસલામીઓમાં, ઇમામ હુસેન અ૦ ની અઝાદારીની રસ્મો પુર ગંભીરાઇથી પાળવામાં આવે છે. શું શીયાઓ, કે શું સુન્નત જમાઅત, સરવે એ બાબતમાં દીલસોજ લાગણી ધરાવે છે. સુન્નત જમાઅતવાળાઓ તાઅઝીયતની બીજી રસમો (તાબુતો વી૦) ઉપરાંત ઠેક ઠેકાણે મજલીસો પણ કરે છે, જેમાં ઇમામ હુસેન (અ૦) સાહેબ ઉપરે, જે અસહ્ય દુઃખો પડયાં છે તેનું વર્ણન કીસ્સા રૂપે કરે છે, અને તે કિસ્સો સાંભળીને ગમગીન થતાં જણાય છે (બલકે તેઓમાં હાલ થોડાક વર્ષો થયાં મજલીસો કરવી. કીસ્સો પડવો એ બાબતોનો શોખ રોઝ બરોઝ વધારે જોવામાં આવે છે) અને ઇમામ હુસેન અ૦ ની અઝાદારીમાં, નઝરો ન્યાઝમાં મજલીસોના ખર્ચમાં, એમ લાખો રૂપીયા (હ૦ ઇમામ હુસેન અ૦ ના નામ ઉપર) ખરચે છે. શીઆ લોકો તો તેથી પણ વિશેષ અઝાદારીની રસ્મો પુર ગંભીરાઇથી પાળે છે અને તેને અંગે લાખો રૂપીયા મજલીસો, અઝાદારી, નઝરો ન્યાઝ વી૦ માં ખર્ચતા જણાય છે.

બોહરાઓ જેઓ પણ એક ઇસલામી કોમજ છે તેઓમાં પણ મજકુર અઝાદારી મજબુત રીતે પળાતી જોવામાં આવે છે. બો-

જાઓ હીંદુઓમાંથી મુસલમાને થયા; તેઓમાં મુસલમાને થયા બાદ હ૦ ઇમામ હુસેન અ૦ ની મજલીસો-અઝાદારી વી૦ ને રિવાજ ક્યારથી શરૂ થયો તે તપાસીએ !

હાલના નામદાર આગાખાનના દાદા (પહેલા આગાખાન) નામદાર આગાખાન શાહ હસનઅલી સાહેબ હિન્દુસ્તાન ખાતે પધાર્યા ત્યારથીજ ખોજાઓમાં હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીની શરૂઆત થએલી ગણી શકાય. તેઓ નામદારે ખોજાઓને મજલીસો વી૦ કરવાને ઉપદેશ કરેલ; એટલુંજ નહી પણ મોહરમમાં તેઓ પોતે માતમી લીબાસ પહેરી સીનાઝની કરતા હતા, અને રોતા હતા. જેની અસર કોમ ઉપરે બહુજ સરસ થવા પામ્યો. તેઓ પછીના આગાખાન નામદાર આગા શાહ અલીશાહ સાહેબ પણ એજ રીતે વર્તતા હતા, એટલુંજ નહી પણ તેઓની મુસાફરી (કચ્છ કાઠીયાવાડની) માં તેઓએ ઘણે ઠેકાણે ઇમામ હુસેન અ૦ ની મજલીસોની શરૂઆત કરાવી; બલ્કે મજકુર મુસાફરીમાં જે ઠેકાણે નામદાર આગાખાને મોહરમના દીવસો ગુજારેલા, તે તે ઠેકાણે કેવો માતમ, કેવી સીનાઝની સાથે અઝાદારી કીધી, તે નજરે જોનારાઓના પ્રત્યક્ષ પુરાવાઓ હજી પણ મળે છે !

કેટલોક સમય વિતતાં સીનાઝનીને રીવાજ, (જે ખાનાઓમાં ચાલુ હતો) તે બંધ કરવામાં આવ્યો. પણ કિસ્સો પડવો, રોવું રડાવવું, ગમ કરવો વી. રિવાજો ચાલુ રહેલ; એટલુંજ નહી પણ, મોહોરમ માસને ગમીને મહીને ગણવો, કોઇ શુભ કામ ન કરવું,

મોહોરમના દસ દિવસોમાં સારાં કપડાં ન પહેરવાં, વી૦ કેટલીક અઝાદારીની રસમો ચાલુજ રહી; બલ્કે ખાનાઓમાં મહોરમના દસ દીવસો પુર ગંભીરાઇથી પાળવા ચાલુજ રહેલા. (અને મજલીસો નિમીતે નાંદી, સુફ્રાઓ વી. માંથી મોટી રકમની પેદાશ ઉપજાવવી, અને દરેક મેમ્બર પાસેથી વાર્ષિક કરો લેવાય છે, તે પણ આશુરાના દિવસે લેવા ચાલુ રહ્યા; અને તેવી પેદાશ અને વાર્ષિક કરો લેવા હજી પણ ચાલુજ છે.)

આગળ ચાલતાં જો કે ખોજાઓમાંથી બારભાયા, ઇસનાઅશરીઓ અને આગાખાની-ઇસ્માઇલીઓ, એમ ત્રણ પક્ષો બંધાણા; તો પણ હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીની માન્યતા ત્રણે ટોળાઓમાં ચાલુજ રહી! બારભાયાઓમાં, સુન્નત જમાઅતના તરીકા મુજબ હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પાળવામાં આવતી; અને તે હજી ચાલુજ છે; બલ્કે તેઓમાં કિસ્સો પડાવવાનો અને મજલીસો કરવાનો શોખ વધતોજ જોવામાં આવે છે. ઇસનાઅશરીઓમાં, અઝાદારી સીનાઝની સાથે આગળ મુજબ ચાલુજ રહેલ; બલ્કે તેમાં રોઝબરોઝ તરક્કી થતી જોવામાં આવે છે. આગાખાની-ઇસ્માઇલીઓમાં આગળ બતાવ્યા મુજબ સીનાઝનીનો રીવાજ બંધ પડી ગએલ; પણ બાકીની અઝાદારીની રસમો ચાલુ રહેલ.

હાલ થોડીક મુદત થઇ, આગાખાની-ઇસમાઇલી ખોજાઓ-માંથી કેટલાકો (કે જેઓ પોતાને ધર્મચુસ્ત માને છે, અને મોટે

ગામે તેઓ "મોટા કામ" વાળાઓ છે તેઓ) ખાનાઓમાં કિસ્સો
પડાતો તેથી વિરૂદ્ધ જતા જણાય છે, જેના પરિણામે કેટલીક
જગોએ ખાનાઓમાં (કદીમ દસ્તુર મુજબ) જે કિસ્સો પડાતો
હતો, તે બંધ થઇ ગએલ છે; અને કેટલેક ઠેકાણે હજી ચાલુ છે.
(તેમજ ઈસમાઇલી ટોળામાંથી કેટલાકો એવા મતના પણ છે જે
કદીમ રિવાજ મુજબ પડાતો કિસ્સો બંધ કરવાની વિરૂદ્ધમાં છે.)
કિસ્સો બંધ કરવાની ઉમેદ ધરાવનારાઓનો પક્ષ કાંઇક મજબુ-
તાઇમાં હોવાના લીધે ઘણે ઠેકાણે કિસ્સો પડાતો તે તેઓએ બંધ
કરાવી મુકેલ છે) બાકી હજી ક્યાં ક્યાં કિસ્સો પડવાનું ચાલુ છે,
તે બંધ કરાવવાનો પ્રયાસ ચાલુજ છે. (હવે કિસ્સો બંધ કરાવ-
વાનો ઉદ્દેશ શો છે? અને એમાં કેવી છુપી પોલીસી સમાએલી
છે? તે જાણનારાઓ જાણે છે!)

હાલમાં "ઇસલામી સાહિત્ય ઉત્તેજક મંડળ" તરફથી મી૦
મુરમામદ બાબુલ ઉનાવાલાએ "મુશકીલાત" એ નામનું એક
ન્હાનકડું પેમ્ફલેટ બાહેર પાડેલ છે. (જે પણ કિસ્સો બંધ કરા-
વવાના પ્રયાસમાં જે લોકો મથ્યા રહે છે તેઓનીજ કોશેશનાં પરિ-
ણામ રૂપેજ જણાય છે) મજકુર "મુશકીલાત" નામના પેમ્ફલેટ-
ના પુંઠા ઉપરે "મુશકીલાત" હકીકત ભાગ ૧ લો–રડવા કુટવા
અને પીટવા વિષે–એમ જણાવે છે અને તેના અંદરના ભાગમાં
ઇમામ હુસેન અ૦ ની થતી અઝાદારી પ્રત્યે કેટલીક શંકાઓ દ-
ર્શાવી છે, જો કે મજકુર પેમ્ફલેટ મુશકીલાત દુર કરવાની વિનંતી

રૂપેજ બહાર પાડેલ છે એમ જણાવવામાં આવે છે. (તોપણ બહાર પાડવાનો ઉદ્દેશ શો છે? તે જણાઇ આવ્યા વગર રહેતું નથી!)

મજકુર પેમ્ફલેટમાં "વિનંતી" નાં મથાળા નીચે જણાવે છે—"હ૦ નબી મોહમ્મદ મુસ્તફા (સ૦) વ પવિત્ર ઇમામો (અ૦) ના હુકમ વિરૂદ્ધ ચાલતા કેટલાક બંધુઓ, અને તેઓને ચલાવનારા માનનિય "મુઝતેહેદો વ 'આલીમો' પ્રત્યે એક નમ્ર વિનંતી" આગળ ચાલતાં તેજ પેમ્ફલેટમાં જણાવે છે "માહે મોહરમુલ મુબારકમાં કરવામાં આવતા 'માતમ' અને 'રડવા' ના અવાજો તથા 'કાળાં કપડા' પહેરવાની રૂઢીઓ એ નીચે જણાવેલી હદીસોથી ખીલાફ છે કે નહી? અગર ખીલાફ છે તો અટકાવ કરો અને જો વાજબી ઠરી શકે તો, આપણા પાક નબી (સ૦) અને ઇમામો બરહકનાં ફરમાનોનું ઉલંઘન થતું ન હોય, અને રડવા કુટવા તથા કાળાં કપડાં પહેરવાની રસમો કાયમ રહી શકતી હોય તો, ખુલાસો બહાર પાડીને મુશકીલાત દુર કરશો"—એવી રીતે મજકુર પેમ્ફલેટમાં વિનંતી રૂપે લખાણ કરીને, તેની નીચે કીતાબ 'ઇસ્લાહરરોસુમ' તથા મસનવી રૂમ' તેમજ કીતાબ 'રોઝતુશ શોહદા' (ગુજરાતી) ઉપરથી કેટલાક દાખલાઓ ટાંકેલ છે.

હવે મજકુર 'મુશકીલાત' નામના પેમ્ફલેટ ઉપર નજર કરતાં, મી૦ ઉનાવાળાને, એવી તે કેવી મુશ્કીલ શંકાઓ આવી પડી તે તપાસીએ! અગર તેઓને અઝાદારી સબંધે કાંઇ શંકાઓ

થતે, તો તેનો ખરો રસ્તો તો એજ હતો કે, મુંબઇમાંજ આલીમો તથા મોલવીઓની રૂબરૂ શંકાઓ પેશ કરતે. (દાખલા તરીકે મુલ્લા મોહંમદ બાકર સાહેબ, કે જેઓએ અઝાદારી તાબુત વી૦ જાયઝ હોવા સબંધે એક રીસાલો થોડા વખત ઉપરેજ બાહેર પાડેલ છે. તેઓની સામે મજકુર શંકાઓ પેશ કરતે). અગર મુંબઇમાં શંકા સમાધાન ન થઇ શકતે તો કાગળ પત્રોથી ઇરાક, લખનેઉ, દીલ્લી વી૦ ના મુજતેહદો પાસેથી પણ ખુલાસાઓ મેળવી શકતે. પણ તેમ ન કરતાં, એકદમ દસ હજાર પ્રતો છપાવવી, અને તે પ્રગટ કરીને માહે મોહરમમાંજ ફેલાવવી, વી૦ વી૦ વર્તણુકોથી સાફ જણાઇ આવે છે કે, મી૦ ઉનાવાળાનો ઇરાદો શંકા સમાધાનનો નહીં પરંતુ કિસ્સો બંધ કરાવવા ઇચ્છતાઓના પ્રયાસને પુષ્ટી આપવાનોજ જણાઇ આવે છે। ઉપરાંત તેઓના લખાણમાંથી કેટલાક શબ્દો (વાકયો) જેવા કે 'હજરત નબી મોહંમદ મુસ્તફા (સ૦) વ પવિત્ર ઇમામો (અ૦) ના હુકમો વિરૂદ્ધ ચાલતા કેટલાક બંધુઓ' તેમજ 'મોહરમુલ મુબારક' વી૦ થી તેઓની દીલી લાગણી જણાઈ આવ્યા વગર રહેતી નથી. તે ઉપરાંત છેવટે પુંઠા ઉપરે "મોલાના રૂમની મસનવી ઉપરથી ઉપજતા વિચારો" ના મથાળા નીચે જે કાવ્ય આપેલ છે તે ઉપરથી મુદો સાફ ખુલ્લે ખુલ્લો જણાઇ આવે છે (અત્રે એટલું જણાવવું અસ્થાને નહિ ગણાય કે, મોહરમ માસને 'મહોરમુલ મુબારક' લખવાની શરૂઆત ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડળ તરફથીજ થયેલી જણાય છે).

અગર મી૦ ઉનાવાળાએ, પોતાની ઇસમાઇલી કોમમાંજ પોતાના વિચારો ફેલાવવાને પ્રયાસ કરેલ હતે, તો તેમાં કોઇ અન્યને વિશેષ બોલવા જેવું નહીં હતું. પણ તેઓએ ઉકમાઈથી, વિનંતી રૂપે, જે લખાણ કરેલ છે, અને એ પેમ્ફલેટનો ફેલાવો પબ્લીકમાં કરેલ છે; તો તે ઉપરથી મજકુર પેમ્ફલેટ ઉપર દરેકને બોલાવવાનો હક રહે છે, જે ઉપરથી મજકુર પેમ્ફલેટમાં જે લખાણ કરેલ છે તેની તપાસ કરવાની અગત્ય જણાઇ છે. જો કે હ૦ ઇમામ હુસેન અ૦ ના ગમમાં રોવું, પીટવું વી૦ ની સેંકડો સાબીતીઓ અરબી, ફારસી, ઉરદુની કિતાબો-તવારીખોમાં મોજુદ છે! ઉપરાંત ગુજરાતી જબાન જાણવાવાળાઓ માટે ગુજરાતી કીતાબોમાં પણ ઘણાં પ્રમાણો મોજુદ છે; પણ લંબાણમાં ન ઉતરતાં, મજકુર પેમ્ફલેટનાં પ્રમાણો ઉપરેજ નજર કરીએ!

મજકુર પેમ્ફલેટમાં શરૂઆતમાં ઇસનાઅશરીઓની કીતાબ નામે 'ઈસ્લાહર રોસુમ-બ કલામિલ માઅસુમ' જે કે, સૈયદ મોહંમદ મુરતઝા સાહેબ જોનપુરીની પ્રગટ કરેલી છે, તેમાંથી હદીસો ૬ નો ઉતારો આપેલ છે. હવે તે કીતાબ પોતાના નામથીજ જાહેર કરી આપે છે કે, કેટલીક દુન્યવી રસમો (જે કે કદીમ દસ્તુર મુજબ ચાલતી આવી છે તે) નો સુધારો માઅસુમોના કલામથી કરવો. એટલે કે કેટલાક રીવાજોમાં માઅસુમોના કલામથી સુધારો કરવાની ધારણાથીજ મજકુર કીતાબ લખાઈ છે). (આપણામાં કેટલાક કોમી રીવાજો છે તેની સુધારણા અર્થેજ મજકુર કીતાબ પ્રગટ થઇ છે). મજકુર કીતાબ કોઇ તવારીખની

અથવા કિસ્સાની નથી. અને મજકુર કીતાબને હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પ્રત્યે કાંઇપણ સબંધ નથી. મજકુર કીતાબમાં આપણા કેટલાક સંસારીક પ્રસંગો, જન્મ, મરણ, લગ્ન વી૦ વી૦ સબંધે આપણામાં કેટલાક રીવાજો, તેમાં સુધારો કરવા માટેનાજ લખાણો છે. મી૦ ઉનાવાળાએ જે પ્રકરણમાંથી હદીસો ૬ નો ઉતારો લીધો છે, તે પ્રકરણ કોઇના મરણ પ્રસંગે લાંબી મુદત સુધી માતમદારી (જે કે હિંદુસ્તાનના તવંગર લોકોમાં રીવાજ છે તે) ન કરવી જોઇએ, એ હેતુથીજ લખાએલ છે. અને તેના ટેકામાં કેટલીક હદીસો આપેલ છે. (જેમાંથી હદીસો ૬ મી૦ ઉનાવાળાએ લઇ, તે ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પ્રત્યે શંકાઓના ટેકામાં આપી છે.)

આગળ જણાવી ગયા મુજબ, મજકુર કીતાબ ઇસ્લાહુર -રૈસુમને ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પ્રત્યે કાંઇ લાગતું વળગતું નથીજ! પણ મજકુર કીતાબ આપણા કેટલાક સંસારીક રીવાજોમાં જે ખરાબીઓ છે તે સુધારણા અર્થેજ લખાએલી છે. અને જેનો હેતુ મજકુર કીતાબની પ્રસ્તાવનાના લખાણથી સાફ ખુલ્લો જણાઇ આવે છે. છતાં મી૦ ઉનાવાળાએ મજકુર હદીસો હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પ્રત્યેની શંકાઓમાં કેવી રીતે ઠસાવી દીધી છે, તે અચંબો પમાડનારી બીના છે! (વાચક વર્ગને મજકુર કીતાબની પ્રસ્તાવના વાંચી જવાની ભલામણ કરીશ).

હવે મી૦ ઉનાવાળાએ, મજકુર હદીસો કીતાબ ઇસ્લાહર રોસુમમાંથી કયા વિષયમાંથી, અને તેની કઇ રસમમાંથી, અને મજકુર કીતાબના કયા પેજમાંથી ઉતારેલ છે, અને તે ઉતારવામાં તેઓએ કેવી સીફ્ત (!) લગાવી છે, અને કેવા ચાલ ચલાવી છે, તે જોઇએ !

મજકુર હદીસો—કોઈ શખ્સ મર્ણ પામે તો, તેના મર્ણને લાગતી સર્વે ક્રીયાઓ ગુસલ, દફન વી૦ ના વિષયો અને તેને લગતી રસમો અને તેમાં સુધારાઓ વી૦ નું વર્ણન કીધા બાદ મજકુર કીતાબના કર્તાએ "સબર. રઝા, તાઅઝીયત અને માતમદારી" અને લગતા વિષયના પેટામાં આપેલી છે, અને તે હદીસો રસમ ૪ થીનાં નીચે આપેલ છે. જે હદીસો મજકુર કિતાબના પેજ ૨૬૭ થી ૨૬૮ માં છે. (વાંચકને તે જોઇ જવાની ઈલ્તેમાસ છે) મજકુર હદીસોનો ઉતારો લંબાણ થઇ જવાના ભયથી અત્રે આપતો નથી; પણ તેનો સારાંશ એજ કે, મૈયત ઉપરે રોવું, પીટવું વી૦ વી૦ ની મનાઇ કરવામાં આવેલી છે, અને ટુંકમાં એ કે, મી૦ ઉનાવાળાએ મુશકીલાત નામના પેમ્ફલેટમાં વિનંતી રૂપે જે લખાણ કરેલ છે, તેના ટેકા રૂપે મજકુર હદીસો પુરેપુરી વાંચવી હોય તેઓએ મી૦ ઉનાવાળાએ લખેલ પેમ્ફલેટમાં અથવા કિતાબ ઇસલાહરરોસુમમાં જોઇ જવા કૃપા કરવી !) મી૦ ઉનાવાળાએ હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પ્રત્યે શંકાઓ પ્રગટ કરવાના આવેશમાં મજકુર હદીસોનાં (પોતાના મતને પુષ્ટી આપવા સારૂ) ઉતારા તો આપ્યા; પણ મજકુર

હદીસોનો છેવટનો ખુલાસો. જે કે ઇસલાહુર-રોસુમના કર્તાએ આપ્યો છે (અને જેના ઉપરે આધાર બાંધી શકાય!) તે છુપાવીને એક સીફ્તત (!) લડાવી છે, એમ કહીએ તો ખોટું નથી!! હવે તે ખુલાસો મી૦ ઉનાવાળાની નજરે ન ચડયો હોય, એમ તો નજ કહેવાઇ શકાય; કારણ કે મજકુર ખુલાસો (મી૦ ઉનાવાળાએ જે હદીસોના ઉતારા આપેલ છે) તેની નીચેજ, તે વીગતમાંજ છે (મજકુર કીતાબ ઇસલાહુર-રોસુમનાં પેજ ૨૬૮ માંજ તે ખુલાસો છે) એ તો ખુલ્લું છે કે કોઇપણ વિષયને લગતું કોઇપણ પુસ્તક કોઈના તરફથી પ્રગટ કરવામાં આવે, તો તે વિષયને પુરતો ઇનસાફ આપવા સારૂ તેના કર્તા તરફથી મજકુર વિષયની વીરૂદ્ધ જતી, તેમજ તેને ટેકો આપતી શાહદતો અને દલીલો, તે પુસ્તકમાં આપવામાં આવે છે; પણ તેનો ખરો આધાર કર્તા તરફથી છેવટનો નિર્ણય રૂપી ખુલાસો, જે આપવામાં આવે છે તે ઉપરેજ રહે છે; પણ તે મી૦ ઉનાવાળાએ નજરથી બહાર રાખેલ છે. વાંચક વર્ગને પુરેપુરૂ તોલ કરવાનું બની શકે, તે સારૂ મજકુર ખુલાસો નીચે આપીએ છીએ—

ઇસ્લાહુર-રોસુમમાં મજકુર હદીસો આપીને, તેજ હદીસોના ખુલાસામાં મજકુર કીતાબના પેજ ૨૬૮ માં તેના કર્તા જણાવે છે કે—"બાઅઝે અહાદીસમેં જો એકામતે માતમકી સુમાનેઅત હય, વોહ મહમુલ હય, તીન રોઝસે ઝીયાદાહ પર; ઓર આઇન્દાહ-યાન હોગા, જો દલાલત કરતા હય જવાઝે માતમ પર તીન રોઝ

તક; યા મહમુલ હુએ, ઈસિ વક્તપર જખ માતમમે ખાતિલ ધ્યાન કીયા જાએ. ઔર ઈન અતરાફકા જો દસ્તુર હય કે ચાલીસ રોઝ યા છે મહીના, યા સાલભર મૈયત પર ઔરતેં સફે માતમ બિછાતી હુએં, ઔર નવહા વ બુકા કરતી હુએં; અલબતા મુમાનેઅતમેં દાખીલ હુએ." મજકુર ખુલાસાથી વાંચક જોઈ શકશે કે, જે હદીસોના ઉતારા મી૦ ઉનાવાળાએ આપ્યા છે, તે મુજખ મૈયત ઉપરે રોવા વી૦ ની, જે મનાઇ કરવામાં આવી છે, તે ત્રણ દીવસથી વધુ માતમદારી રાખે, અથવા રોવામાં જુઠી ખાખતો ધ્યાન કરે, અથવા તો ચાલીસ દીવસ, કે છ મહીના કે એક વર્ષ સુધી માતમદારી ચાલુ રાખે. તેનેજ મજકુર મનાઇનો હુકમ લાગુ પડે છે. ત્રણ દીવસ સુધી માતમ કરવું જાએઝ છે. (અત્રે એટલું કહેવું અસ્થાને નહીં ગણાય કે ત્રણ દીવસ સુધી માતમદારી કરવી જાએઝ છે તે નિયમ પણ આપણે દુન્યાદારોના વાસ્તેજ લાગુ પડે છે, હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીને મુદતનો નિયમ લાગુ પડતો નથી.)

મજકુર કીતાખના કર્તા તરફથી જે ખુલાસો કરવામાં આવેલ છે, તે વિષે, વખતે મી૦ ઉનાવાળા કે ખીજા કોઇને ખોલવાનું રહે કે, મજકુર હદીસો, જે કે ઈમામો અને હજરતે રસુલ (સ૦) ના ફરમાનો છે, તેના મુકાખલામાં કર્તાના ખુલાસાનો શું વજન હોઇ શકે? તો જણાવવાનું કે કર્તાનો ખુલાસો પણ એઉ ખાજુના નિયમ મુજખ હદીસોના આધાર ઉપરેજ છે. આગળ ચાલતાં મજકુર કિ

તાબના પેજ ૨૬૯ માં "રસમે ચહારૂમ જવાઝ રોનેકા, ઔર તીન દિન માતમ બરપા કરનેકા મૈયત પર, ઔર ઇસ્તે હબાબ રોનેકા મોઅમીન પર, વખતે ઝયાદતી હુઝન; ઔર તીન દીન ખાના ખિલાનેકા મુસીબતમેં" એ હેડીંગ (મથાળા) નીચે કર્તાએ તેના ટેકામાં હદીસો આપી છે, જેથી મજકુર કિતાબ ઈસ્લાહર–રોસુમના કર્તાના ખુલાસાને ટેકો મળે છે. જે હદીસો મજકુર કિતાબમાંથી સદાબરી ઉર્દુ ઝબાનમાં નકલે નકલ (કોપીટુ કોપી) પાનાઓ સુદ્ધા ઉતારીને વાંચકોની સેવામાં નિવેદન કરવાનું વધુ બંધ બેસતું ગણાતે. પણ લંબાણુ ન થવા પામે તે સારૂ મજકુર હદીસો ઇસ્લાહર–રોસુમમાં જોઇ જવાની (વધુ જીજ્ઞાસા ધરાવનાર) વાચકને ઇલ્તેમાસ કરી, ને અત્રે ફક્ત મજકુર હદીસોનો સાર નિચે આપીએ છીએ.

હદીસ પહેલી—એક શખસનો છોકરો ગુજરી ગએલ, તે ઇમામ જાઅફરે સાદીક અ૦ ની ખીદમતમાં આવેલ, અને શીકાયત કીધી કે, મારા બેટાના ગમમાં મારી એવી હાલત થઇ ગઈ છે કે, મને બીક રહે છે કે હું દીવાનો થઇ જઇશ. ઇમામે ફરમાવ્યું કે એવી હાલત થાય ત્યારે તારી આંખોમાંથી આંસુ કાઢ કે જેથી તને તસકીન થશે. (પાને ૨૬૯)

હદીસ બીજી—હ૦ પયગમ્બર (સ૦) ના ફરજંદ હ૦ ઇબ્રાહીમની વફાત થઇ ત્યારે હ૦ રસુલ (સ૦) ની આંખો-

માંથી આંસુ જારી થયાં, અને ફરમાવ્યું કે, આંસુ આંખોમાંથી વહે છે અને દીલ મહઝુન થાય છે. વી૦ વી૦ (પાન ૨૬૯-૭૦).

હદીસ ત્રીજી—જનાબે જઅફ્ફર ઈબ્ને અબીતાલબ (હ૦ અલી અ૦ ના ભાઈ) તથા ઝએદ બિન હારેસાહની વફાતની ખબર હ૦ રસુલ (સ૦) ને મળી તે વખતે આપ બહુજ રોતા હતા. વી૦ (પાન ૨૭૦).

હદીસ ચોથી—ઈમામ જઅફ્ફર સાદીક અ૦ એ પાંચ બુઝરગવારો, જે કે દુન્યામાં બહુજ રોવા વાલા થઈ ગયા છે તેઓના નામો ઇરશાદ ફરમાવ્યા છે. (હ૦ આદમ, હ૦ યાઅકુબ, હ૦ યુસુફ, બીબી ફાતેમાહ, ઈમામ ઝએનુલ આબેદીન) (પાન ૨૭૦).

હદીસ પાંચમી—જંગે ઓહદની બાદ હ૦ રસુલ અ૦ મદીના શરીફ તશરીફ લાવ્યા, ત્યારે પોતાના ચાચા હમઝાહ અ૦ જેઓ કે મજકુર લડાઈમાં શહીદ થઈ ગએલ, તેઓ ઉપરે રોવાનું ફરમાવવું. વી૦ (પાન ૨૭૦).

હદીસ છઠી—ઇમામ મોહમદ બાકીર અ૦ એ ફરમાવ્યું કે જે દીવસથી મૈયત મરણ પામ્યો હોય, તે દીવસથી ત્રણ દીવસ સુધી માતમ બરપા કરવું. (પાન ૨૭૦).

હદીસ સાતમી—મજકુર હદીસને લગતીજ છે, પણ તેમાં ત્રણ દીવસના મુદતનું પ્રમાણ નથી. (પાન ૨૭૦).

ઉપરાંત ત્રણ દીવસ સુધી મૈયતવાળાઓને ત્યાં ખાવાનું પકાવી-ને મુકવું વી૦ ને લગતી હદીસો પણ તેના સાથે છે; પણ લંબા-ણના ભયથી એટલા ઉપરજ ખાસ કરીને, માતમ તે શું ચીજ છે! અને ડીક્ષનેરીમાં તે શબ્દની ઉત્પતી કેમ થઇ છે? તેની વીગત મજકુર પુસ્તકના કર્તા તરફથી વર્ણવામાં આવી છે.

"મજમઉલ બહેરનમેં હય કે, માતમ અરબકે નઝદીક ઇજત માઅ ઓરતુંકા હય. પૈયરો શરમેં ઓર બાએઓંકે નઝદીક યેહ હએ કે, માતમ ઇજતેમાઅ મરદું ઓર ઓરતુંકા હય. ગમો શાદીમેં ફીર મખસુમ હો ગયા. ઇજતેમાઅ ઓરતુંકા, વાસ્તે મોતકે ઓર ઇસ હદીસસે મહઝે તિન દીન માતમ બરપા કરનેકા હય. ન ચાલીસ રોઝ, યા છે માહ, યા સાલભર, જેએસા માઅમુલે હિન્દુસ્તાન હએ."

ઉપરની હકીકતથી વાંચક વર્ગની જાણમાં આવી ગયું હશે કે, જે હદીસો રોવા પીટવા વી૦ ની મનાઇની મી૦ ઉનાવાળાએ પોતાના પેમ્ફલેટમાં આપેલ છે તે રોવાની સદંતર મનાઈ તરી-કેની નથી, પણ ત્રણ દીવસ ઉપરાંત માતમદારી રાખવા વિષેની મનાઇનાં ફરમાનો છે (અને તે પણ હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી સાથે કાંઈ સબંધ ધરાવતી નથી). ઉપરાંત મજકુર કિતાબ ઇસ્લાહર-રોસુમમાં ૫ મી રસમમાં ઓરતને પોતાના શૌહર વાસ્તે (તેના મર્ણ બાદ) શણગાર તરક કરવું, બાપ અને ભાઇના ગમમાં મનુષ્યે પોતાનું ગરેબાન ફાડવું, અને સાહેબે

મુસીબતે (જેના ઉપરે મુસીબત પડી હોય તેણે) રાડો પાડીને રોવું, માથું અને પગ ઉઘાડા કરવા, વી૦ બાબતો જાએઝ હોવી વર્ણવી છે. જેના ટેકામાં સાહદતો અને દલીલો આપી છે, તે હદીસો તથા સાહદતો નીચે મુજબ—

૧ મૈયતના વાસ્તે ત્રણ દીવસ ઉપરાંત શણગાર તરક ન કરવો. પણ ઓરતે પોતાના શવહર વાસ્તે ચાર મહીના અને દસ દીવસ શણગાર તરક કરવો (ઇમામ જાઅફરે સાદીક અ૦ ની હદીસ પાન ૨૭૨)

૨ કિતાબ મજમઉલ બહેરૈનની શાહદત—જેમાં ઓરતે પોતાના શવહર વાસ્તે લીબાસે હુઝન (માતમી લીબાસ) પહેરવું, અને ઝીનત તરક કરવાનું બયાન છે (પાન ૨૭૨)

૩ અલ્લામા મજલીસ (અલૈયમે રહમા) ની તસ્નીફ કરેલી કિતાબ નામે 'ઝાદુલ-મઆદ'ની શાહદત—જેમાં પાડોશીઓએ સાહેબે મૈયતના ઘરે ત્રણ દીવસ ખાવાનું મુકવું, અને મૈયતની ઓરતે ચાર મહીના અને દસ દીવસ માતમ રાખવું. વી૦ નું વર્ણન છે (પાન ૨૭૨—૨૭૩)

અબુ હાસમ જાઅફરીની રીવાયત—જેમાં ઇમામ હસન અસકરી અ૦ મે પોતાના વાલીદ ઇમામ અલીયુન નકી અ૦ના જનાજા સાથે પોતાનો ગીરેબાન ફાડીને નીકળવું, અને તે ઉપરથી કોઇએ શંકા પેશ કરેલ. જેના જવાબમાં ઇમામે લખવું કે, હ૦

મુસા પયગમ્બરે પોતાના ભાઈ હારૂનની ઉપર ગીરેબાન ફાડેલ, વી૦ નું બયાન છે (પાન ૨૭૩)

૫ કિતાબ 'વાફી' ની શાહદત—જેમાં ઈમાંમ જાઅફરે સાદીક અ૦ પોતાના ફરઝંદ હ૦ ઈસમાઇલની વફાત વખતે ઉઘાડે પગે હતા અને ખંભા મુબારક ઉપર રિદા હતી નહિ તેનું વર્ણન છે (પાન ૨૭૩)

૬ ઇમામ જાઅફરે સાદીક અ૦ નું ફરમાન—જેમાં ફરમાવે છે કે સાહેબે મુસીબતને સજાવાર છે કે, ફકત એક અંગરખો પહેરે અને ખભા ઉપરે રિદા ન નાંખે (પાન ૨૭૩)

૭ ઇમામ જાઅફરે સાદીક ફરમાવે છે કે, સાહેબે મુસીબત પોતાની રિદા ઉતારી નાખે, કે જેથી તે પહેછાની શકાય (પાન ૨૭૩)

આગળ ચાલતાં ઇસ્લાહર–રાસુમના કર્તા, ૬ રસમના હેડીંગ (મથાળા) નીચે, નીચેની શાહદતો ટાંકે છે—

૧ અબેદિ બિન હારેસાની વફાતની ખબર આવી, ત્યારે તેની દીકરી હ૦ રસુલે ખુદા (સ૦) પાસે આવી. અને હઝરતને જોઇને, પોતાનું મહોડું નોંચવા લાગી હઝરત તેને જોઇને પોતે પણ રોવા લાગ્યા અને અફસોસ! અફસોસ! એમ કહેવા લાગ્યા (પાન ૨૭૪)

૨ હ૦ રસુલની દીકરી, કે, જેને તેના શવહરના મારવાના

કારણથી હ૦ અલી અ૦ તેડી લાવેલ. જે દુખતર પોતાના પીતાજી સાહેબ પાસે આવી, તેઓને જોઇ રોવા લાગી, હ૦ રસુલ પણ રોવા લાગી ગયા (પાન ૨૭૪)

૩ હ૦ ઇમામ જાઅફરે સાદીક અ૦ ની બીબી હમીદાહ ખાતુન હજરતની વફાદ બાદ રોતાં હતાં, તેને જોઇને અબુ બસીરનું રોવું (પાન ૨૭૪)

પ્રીય વાંચક ! જો કે હજી પણ કેટલીક દલીલો મજકુર કિતાબમાંથીજ મી૦ ઉનાવાળાની દલીલો વિરૂદ્ધની નીકળી શકે એમ છે; પણ એટલા ઉપરેજ સંતોષ પકડીશ. અત્રે જણાવવાનું અગત્યનું છે કે, હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીની રસ્મો, અને તેના જાએઝ હોવાની સાબીતીઓ, બીજી કિતાબોથી સેંકડો-ની સંખ્યામાં આપી શકાય. પણ મજકુર રસમો જાએઝ હોવાની દલીલો આપવાનો ઉદ્દેશ આએ લેખમાં રાખવામાં આવ્યો નથી. હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી સબંધનો વિષય એ એક ઘણોજ જુનો અને ચર્ચાઇ ગયેલો વિષય છે અને અઝાદારી સા-બીત કરવા અને રસમો કાએમ રાખવા વાસ્તે ઘણા વાદ વિવા-દો થયા છે અને તેમા અઝાદારી સાબીત કરી આપવામા આવી છે! અત્રે આએ લેખ વાંચકની શેવામાં નિવેદન કરવાનો ઉદેશ માત્ર એટલોજ છે કે, મી૦ ઉનાવાળાની સફાઇ (!) પબ્લીકની જાણમાં લાવવી, જેથી બીજી કોઇ કિતાબો તવારીખો વા. ની શાહદતો કે દલીલો, અત્રે આપવાની અગત્ય જણાઈ નથી!

મસનવી રૂમનો ઉતારો.

આગળ ચાલતાં મી૦ ઉનાવાળાએ મવલવી રૂમની મસનવી-માંથી કેટલાક શેઅરો (કાવ્યની કડીઓ) નો ઉતારો પોતાના નિબંધમાં (પોતાના મતને ટેકો આપવાની મકસદથી) લીધેલ છે. અને તે શેઅરોનો મથાળો " મોહોરમમાં કુટવું પીટવું શા માટે ? " એ મુજબ હેડીંગ કરીને, તેના નીચે કેટલીક કડીઓ મસનવીમાંથી ટાંકી છે. મજકુર મસનવી-રૂમ કોઇ હદીસોની અથવા તવારિખ (ઇતિહાસ) ની કીતાબ નથી; તેમજ તે મસાયેલને લગતી કીસ્સા રૂપી પણ કોઇ કિતાબ નથી, કે જેથી તેની દલીલ મી૦ઉનાવાળાના મતને પુષ્ટી આપી શકે! મજકુર મસનવી સુફીઝમને લગતા વિચારોનું એક કાવ્યરૂપી (પદ્યમાં) રચેલુ પુસ્તક છે. જેમાં મવલવી રૂમીએ પોતાના સુફીઝમને લગતા ખ્યાલો કવિતા રૂપે જાહેર કરેલ છે. કવિઓના વિચારો કંઇ સર્વ માન્ય નથી હોતા ! જેથી મજકુર થોડાક શેઅરો ઉપરે કાંઈપણ લખવું મુનાસીબ સમજતો નથી. જો કે મજકુર શેઅરોની મતલબ-માએના (અર્થ) વી૦ ઉપરે ઘણું વિવેચન કરી શકાય; પણ ઉપર જણાવ્યા મુજબ મસનવીનાં વિચારોજ કુલ્લે ઇસલામીઓમાં સર્વ માન્ય નથી ! તો તે ઉપરે લખવુ ફોકટનું છે (અત્રે મી૦ઉનાવાલાનું ધ્યાન માનપુર્વક રીતે પાક કુરાને શરીફની ' સુરાસુરતુશ્શોઅરા ' ઉપરે ખેંચીશ !)

રોઝતુસ્શોહદા (ગુજરાતી) માંથી ઉતારો.

મી० ઉનાવાળાએ પોતાના પેમ્ફલેટમાં આગળ ચાલતાં "હજરત ઇમામ હુસેને કુટવા પીટવાની કરેલી સખ્ત મનાઇ" એ મથાળા નિચે કિતાબ રોઝતુશ-શોહદામાંથી કેટલાક શેઅરો ટાંકયા છે. મજકુર કિતાબ રોઝતુશ-શોહદા 'વલીફુય્યાઝ' નામના શાએરની હીંદી ઝબાનમાં બનાવેલી પદ્ય રૂપી (શેઅરોમાં) પંજતને પાક (અ०) નાં અહવાલમાં તવારિખ રૂપે કિતાબ છે અને તેની નકલ ગુજરાતી અક્ષરોમાં થએલી છે, જે ઉપરથી મી० ઉનાવાળાએ ઉતારો લીધો છે.

મજકુર કિતાબ પંજેતને પાકની મુસીબતોનાં અહવાલ (વર્ણન) માં હોવાથી, તેમાંથી ઠેક ઠેકાણેથી રોવા પીટવાનાં દાખલાઓ મળી શકેછે; છતાં મી० ઉનાવાળાએ તે ઉપરે લક્ષ ન દેવરાવતાં, પોતાના મત પ્રમાણે પોતાની માન્યતાને મજબુતી આપે એવી કેટલીક કડીઓ (આખા કિતાબમાંથી) ઉતારીને, તે પોતાની શંકાઓનાં ટેકામાં પ્રગટ કીધી છે અને તેમાંથી મી०ઉનાવાલાના મતને લાયકની તો બે ચાર કડીઓજ છે.જે નિચે ઉતારીશ—

નસીહત એક સુનો તુમ કાન ધર કર.
દેખો હરગીઝ તુમ મેરે મેરે પર.
ન જામે ફાડના કો મોંકો નોંચો,
ન બાલાં ખોલકર સીને ખરોંચો.
નહીં કરતાહું રોનેકો મને મઈ
વલે તુમના કો :ચેહ શેવા ભલા નઇ.

કે યું કરના નહીં રસ્મે સઆદત,
યેહ હએ સબ જોહેલોંકી રસ્મો આદત.
મુનાસિબ નહી હએ યેહ એહલે વફાકો,
ન ભાતા હએ ખુદાઓં મુસ્તફાકો.

એ રીતે કડીઓ છે, કે જે ઉપરે મી૦ ઉનાવાલાએ પોતાની ઇમારતનો પાયો ચણ્યો છે. મજકુર કડીઓ હ૦ ઈમામ હુસેન અ૦ પોતાના કુટુંબની બીબીઓ, બચ્ચાંઓથી (મએદાનમાં જવા સારૂ) છેલ્લી રૂખસત લીયે છે, અને તેઓને વિદાય કરે છે, તે વખતે હ૦ ઇમામ હુસેન અ૦ નાં મ્હોડામાંથી નીકળતાં બોલો તરીકે શાએરે વર્ણવી છે.

મજકુર બોલો હ૦ ઈમામ હુસેન અ૦ ની જબાન મુબારકથી એવા વખતે વર્ણવ્યા છે, કે જે મહાન ભયંકર અને દુઃખદાયક વખ્તનો વિચાર કરતાંજ મનુષ્યનું હૃદય કંપી ઉઠે છે! તો એવા દુઃખદાયક સમયે હ૦ ઇમામ હુસેન અ૦ પોતાના કુટુંબની બીબીઓ–બચ્ચાઓને દીલાસા રૂપી સબ્રનાં કલામો ફરમાવે એ દેખીતુંજ સ્વભાવીક છે! આપણે સર્વે સારી રીતે જાણીયે છીએ કે પુરૂષોનું દીલ મુસીબતના વખતે કાંઈક વધુ મજબુત રહે છે; પણ તેના મુકાબલામાં તે વખતે સ્ત્રીઓ અને બાળકોનું દીલ બહુજ નરમ રહે છે. કુદરતનાં નિયમ અનુસાર સ્ત્રીઓ અને બચ્ચાંઓ મુસીબતના વખતે વધુ કલ્પાંત અને રૂદન કરે છે. તો દરેક અક્કલમંદ મુસીબતના વખતે ઓરતો અને બચ્ચાંઓને દીલાસો

આપતા રહે છે ! ત્યારે હ૦ ઇમામ હુસેન અ૦ જે કે અકકલમંદ હતા તેઓ મુસીબતનાં વખતે (અને મુસીબત પણ એવી કે જેને લગતો દાખલો હ૦ ઇમામ હુસેન અ૦ સીવાય બીજા કોઇના વાસ્તે ઇતિહાસોમાંથી મળી શકવો મુશકેલ છે !) પોતાના કુટુંબની બીબીઓ અને બચ્ચાંઓને દીલાસારૂપી શબ્દો કહે, એમાં નવાઇ શું? તો મજકુર શેઅરો જે કે, આગળ વર્ણવી ગયા છીએ તે, દીલાસારૂપી અને સબુરી કરવાનાં ઉદ્દેશથીજ છે; મનાઇ રૂપે નથીજ ! અને જેની સચ્ચાઇ આગળ ચાલતાં જણાઇ આવશે. પણ જેઓએ હ૦ ઈમામ હુસેન ઉપરે પડેલા મહાન સંકટોનું વર્ણન વાંચેલ છે, તેઓ સ્હેજે સમજી શકશે કે, એવી મુસીબતમાં સબર કરવું તે ઇનસાનના ઇખતીઆર વિરૂદ્ધની બાબત છે, તે ઉપરે વધુ કલમ ન લંબાવતાં અત્રે ફકત મજકુર કિતાબ રોઝતુશશોહદામાંથીજ (મી૦ ઉનાવાળાએ જે મજલીસમાંથી પોતાના મતને લગતી કડીઓ લીધેલ છે તેમાંથી) નીચેની કડીઓ (જે કે ઇમામ હુસેન અ૦ ની એહલેબયેત તરફથી કહેવામાં આવી છે તે) વાંચક વર્ગની શેવામાં નીવેદન કરીશ—

કહે તબ શેહરું સારે ગમજદયાંને; ૨૬ ૪૮
કહે એક ઘરથી સબ માતમ જદ યાને
યેહ ગમ સેહના નહીં હમસે હદ બશરકા;
હોવે બસ ગમસુ દિલ શક બેહરો બરકા.
બલા ઉપર સબર કિસ હદ કરે હમ;
ભલા હમ્સે ગરચે એકદમ સબ મરે હમ.

મજકુર કડીઓ 'રોઝતુસ્ મોહદા' મજલીસ ૯ મી પેજ ૧૨૧ માંથી છે અને તે કડીઓ મી૦ ઉનાવાળાએ પોતાના ઉતારામાં વચ્ચમાંથી કહાડી નાખી છે. મી૦ ઉનાવાળાએ પોતાના મતને પુષ્ટી આપવાના હેતુથી મજકુર કીતાબમાંથી જે કેટલાક શેઅરો લીધા છે તેમાંજ વચ્ચમાં મજકુર કડીઓ છે. મી૦ ઉનાવાળાએ પોતાના પેમ્ફલેટમાં કેટલીક કડીઓ આપી, પછે વચમાં ફુલકીઓ મુકીને છેવટે પોતાના મતને લગતી કડીઓ, જે કે શરૂમાં વર્ણવી ગયા છીએ, તે આપી છે; પણ જ્યાં ફુલકીઓ મુકીને કડીઓ રહેવા દીધી છે તે મજકુર કડીઓ છે, જે કે હમણા ઉપર વર્ણવેલ છે! તો એમાં પણ મી૦ ઉનાવાળાની કેટલીક સફાઇ (!) વાંચક વર્ગને જણાઈ આવ્યા વગર રહેશે નહીંજ!!

જો કે કબુલ કરવું જોઇએ કે, મી૦ઉનાવાળાની કડીઓ સીલસીલા મુજબ તે પછીની છે, જેથી મી૦ ઉનાવાળા વખતે એમ કહે કે અહલે બએતની લાચારીના શેઅરોના જવાબમાં હ. ઇમામ હુસેન અ૦ તરફથી કહેવામાં આવેલ શેઅરો છે એટલે તેજ ઉપરે વધુ વજન આપવામાં આવેલ છે; પણ મજકુર શેઅરો (મી૦ ઉનાવાળાના મત મુજબના શેઅરો) થી પણ એવું સાબીત થઇ શકશે નહીં કે તે ફરમાનો હ. ઇમામ હુસેન અ. તરફથી મનાઇ રૂપે હતાં; બલ્કે મજમુનની મુનાસેબત મુજબ, મજકુર શેઅરો દીલાસા રૂપીજ હતા. અગર મજકુર બોલો તદન મનાઇ રૂપેજ હતે તો, ઇમામનું ફરમાન અને હુકમ વાજીબ હોવાથી દરેકને તે

ઉપરે સંપૂર્ણ રીતે વર્તવાની ફરજ પડતે, અને એહલે બેત તે હુકમ સંપૂર્ણ રીતે પાળતે. પણ નહીં. ઇતિહાસીક દાખલાઓ આપણને કહી રહ્યા છે કે ઇમામ હુસેન અ૦ ની શહાદત પછી, એહલે બેઅતની અઝાદારી બહુજ સખ્ત ગમગીની ભરેલી હતી. બલ્કે હ૦ ઇમામ ઝએનુલ આબેદીન અ૦ જેઓ કે પોતે પણ ઇમામ હતા તેઓએ પોતાની આખી જીંદગી પોતાના બાપ ઉપરે રોવા અને ગીરયાઓ ઝારી કરવામાં ગાળી છે! જેના ઘણા દાખલાઓ, શું શીઆ કે શું સુન્નત જમાઅતની તવારીખોથી મળી શકે છે; પણ આએ લેખમાં બીજી કોઈ કીતાબો, તવારીખો વી૦ ના આધારો આ વાનો પહેલેથીજ ઇરાદો રાખવામાં નથી આવ્યો. આએ લેખમાં તો ફક્ત જે કીતાબમાંથી મી૦ ઉનાવાળાએ ઉતારો લીધેલ છે તે કીતાબમાંથીજ મી૦ ઉનાવાળાની સફાઇ (!) બતાવવાની છે. એટલે મજકુર 'રોઝતુસ્શોહદા' નામની કીતાબ ઉપરેજ નજર કરીએ! કે હ૦ ઇમામ હુસેન અ૦ એ ફરમાવેલ શેઅરો પછી, એહલે બેઅતનું રોવા કલ્પાંત કરવા વી૦ નું બ્યાન મળી શકે છે કે નહીં! મજકુર કીતાબની મજલીસ નવમી પેજ ૧૪૧ માંથી મી૦ ઉનાવાળાએ લીધેલ ઉતારા પછી, તેજ મજલીસમાં પેજ ૧૪૨ માં (ઇમામે બીબી સકીનાના વાસ્તે ભલામણ કીધી ત્યારે) બીબી ઝએનબ, બીબી કુલસુમ, અને બચ્ચાઓનું રોવું, તેમજ તેજ મજલીસમાં પેજ ૧૪૨ તથા ૧૪૩ માં અલી અસગરની શહાદત પછી તેઓની માનું ચીખો મારીને રોવું. અને તેઓને જોઇને ઇમામનું પોતાનું બેતાબીથી એવા દરદની સાથે

રોવું. કે જેથી સરવે મલાયકાઓ પણ રોવા લાગ્યા. એ વર્ણન ખુલ્લે ખુલ્લું વિસ્તારેલ છે. તે ઇનસાફની નજરથી જોવું જાઇએ! ત્યાર પછી હ૦ ઇમામ હુસેન અ૦ ની શહાદત બાદ, એહલે બએતની બેકરારી કેટલી હદ સુધીની હતી તેના પ્રમાણો પણ મજકુર કિતાબમાં તપાસીએ—

૧ ઇમામનાં ઘોડાનું ખએમા તરફ આવવું, એહલે બએતની આહો-ફુંગા, કોઇને તાબ ન હતી. (પેજ ૧૫૪).

૨ એહલે બએતનું કએદી થઇ મએદાનમાંથી નીકળવું. જનાબે ઝએનબનું રોવું, ફરીયાદો કરવી, દોસ્તો અને દુશમનો સર્વેનું તે જોઇને રોવું. (પેજ ૧૬૨).

૩ શામના કેદખાનામાં બીબી સકીનાએ પોતાના પીદરે શરીફને સ્વપ્નાનાં જોવા, ઝાર ઝાર રોઇને પોતાનું માથું ભોંયે પછાડવું. એહલે બએતનું રોવું. (પેજ ૧૮૦).

૪ એહલે બએતનું મદીનામાં દાખલ થવું, મદીનાવાળાએ (ઇમામ ઝએનુલ આબેદીનની મોજુદગીમાં) માતમ કરવું, જમીન ઉપરે પછાડીઓ ખાવી, એહલે બએતની અજબ હાલત (પેજ ૧૮૧).

૫ હ૦ રસુલના રોઝા શરીફ ઉપરે એહલે બએતનું જમીન

ઉપરે પછાડાઓ ખાઇ, કબરે શરીફ ઉપર માથું રાખી રોવું. મદીનામાં કીયામતનો શેર બરપા થએલ. (પેજ ૧૮૨).

ઉપર મુજબની સાબેતીઓ એક ઉડતી નજર નાખતાં મળી આવે છે. જેનો ફક્ત સાર જણાવેલ છે. તદુપરાંત મજકુર કિતાબમાં પેજ ૧૪૨ થી (જયાંથી મી૦ ઉનાવાળાએ ઉતારો કરેલ છે ત્યાંથી)પેજ ૧૮૨ સુધી ઠેક ઠેકાણે હ૦ ઇમામ હુસેન અ૦ ઉપરે રોવા, માતમ કરવા વી૦ વી૦ ના ઘણા પ્રમાણો મજકુર કિતાબમાં મોજુદ છે. પણ લંબાણના ભયથી અત્રે તે સરવે આપી શકાતાં નથી (વધુ જીજ્ઞાસા ધરાવનાર વાંચકે મજકુર કીતાબ જોઇ જવા કૃપા કરવી!) હ૦ ઇમામ હુસેન અ૦ ની શહાદત વખતે કુલ્લે અવલીયા, અંબીયા, ફીરસ્તાઓ, જીન્નાતો, જાનવરો, પક્ષીઓ વી૦ વી૦ નું રૂદન-કલપાંત કરવુ પેજ ૧૫૩ માં એવી તો અસરકારક રીતે વર્ણવેલ છે કે, જે વાંચતાં હ્રદય ચીરાઇ જાય છે. અને તેમાં અઝાદારીની રસ્મોને લગતા સરવે ઈશારાઓ મોજુદ છે. ઉપરાંત ઇમામના ગમમાં પયગમ્બરોએ માથાં અને સરીજખુલ્લાં કરીને રોવું (પેજ ૧૭૦). હ. રસુલ હ. અલી, હ. હમઝાહ, હ. જાઅફર વી૦ નું હુસેન અ. ના સર ઉપરે માતમ કરવું. માથું ખુલ્લું કરવું (પેજ ૧૭૧-૧૭૨). બીબી ફાતમા, ખદીજાહ, હવા, સારાહ, વી. નું ઇમામના સર ઉપરે કપડાં ફાડીને રોવું (પેજ ૧૭૩). વી. વી. ઘણી સાબીતીઓ મવજુદ છે. લંબાણના ભયથી અત્રે ટાંકતા નથી.

મજકુર કિતાબ 'રોઝતુશશોહદા' પંજતન પાક અ૦ ના અહવાલમાં છે તો હવે હ૦ રસુલ, બીબી ફાતમા, હ૦ અલી, તથા હ૦ ઈમામ હસન અ૦, એ રીતે ચારે બુઝુરગવારોની શહાદતના બયાનમાંથી પણ રોવું, માથા ખુલ્લા કરવાં, કપડાં ફાડવા, માથા ઉપરે ખાક ઉડાડવી, માતમ કરવો, વી૦ વી૦ ઇશારાઓ મળી આવે છે કે નહીં? તે પણ જોઈ જવું જોઇએ! જે વિષે ઉડતી નજર નાખતાં કેટલાક દાખલાઓ મળી આવતાં તેઓનો સંક્ષિપ્તમા સાર—

૧ હ૦ રસુલે મસજીદમાથી ચાબુક મંગાવ્યો ત્યારે બીબી ફાતમા અ૦ નું રોવું. (પેજ ૪)

૨ ઉક્કાશાએ (કિસાસ લેવા સારૂ) ચાબુક ઉપાડવો; અસહાબોનું રોવું. (પેજ ૪).

૩ ઇમામ હસન અને ઇમામ હુસેન ખ્વાબ જોવો; હ૦ રસુલે તાબીર કહેવી કે તમો બેઉ મારા જનાઝાહ સાથે માથાં ખુલ્લાં કરીને રોતા રોતા ચાલશો!

૪ બીબી ફાતમાએ મલેકુલમૌતને ઘરમાં આવવાની રજા આપતી વખતે રોવું. (પેજ ૬).

૫ ઇમામ હસન અને ઇમામ હુસેન અ૦ મે હ૦ રસુલનાં પગ ઉપર પડી, રોઇ રોઇ માથું રગડવું. (પેજ ૭).

૬ હ૦ રસુલ ઉપરે માતમ. (પેજ ૮)

૭ બીબી ફાતમાએ પોતાના પીદરે શરીફનાં ગમમાં આરામ છોડી દેવો. (પેજ ૮).

૮ બીબી ફાતેમાહની બીમારી. તે પોતાના વાલીદનાં ગમથીજ હતી. રાત્રી દીવસ રોતા હતા. (પેજ ૧૩).

૯ હ૦ અલી અ૦ નું બીબી ફાતેમાહથી ખ્વાબ સાંભળીને રોવું. (પેજ ૧૪).

૧૦ બીબી ફાતેમાહનાં ગમમાં ઓરતોએ માથાં ઉપરેથી ચાદરો ઉતારીને ઝમીન ઉપરે માથાં પછાડવાં. (પેજ ૧૬)

૧૧ બીબી ફાતેમાહનાં ગમમાં હ૦ અલી અ૦ નું નાઅરો કરીને બેહોશ થવું. (પેજ ૧૬),

૧૨ હ૦ અલી અ૦ ના ગમમાં ઇમામ હસન અને ઇમામ હુસેન અ૦ મેં પોતાનાં કપડાં ફાડી માથાં ખુલ્લાં કરવાં. (પેજ ૨૨).

૧૩ હ૦ અલી અ૦ ની શહાદત વખતે માણસોનું ગીરેબાન ફાડી માથાં ઉપરે ખાક ઉડાવીને હ૦ ઇમામ હસન અ૦ પાસે આવવું. (પેજ ૨૪).

૧૪ ઇમામ હસન અ૦ ના ગમમા ઇમામ હુસેન અ૦ નું રોવું. (પેજ ૩૪).

તદુપરાંત હજી પણ દલીલો મળી શકે તેમ છે, પણ ઇનસાફની નજરથી જોવા વાળા વાસ્તે એટલીજ દલીલો બસ છે! અક્કલમંદને ઈશારો કાફી છે! મજકુર કિતાબ આખી એવી દલીલોથી ભરેલી છે. છતાં મી૦ ઉનાવાલાને તેજ કીતાબમાંથી કોઈ દલીલ જોવામાં ન આવી અને જાહેરમાં પુછવા નીકળ્યા એ અજબ જેવું છે! જે વિષે વધુ કાંઇપણ ન લખતાં, તેનો તોલ કરવો પ્રિય વાંચકોની મુનસફી ઉપરેજ રહેવા દેવું વધુ યોગ્ય લાગે છે

છેવટમાં મી૦ ઉનાવાલા તરફથી પોતાના પેમ્ફલેટના પુંઠા ઉપરે જે "મસ્નવી ઉપરથી ઉપજતાં વિચારો" તરીકે એક કાવ્ય લખેલ છે તે સબંધી ઉદ્દેશતાં કહીશું કે, મજકુર કાવ્યમા જે વિચારો જણાયેલ છે તે સરવે મી૦ ઉનાવાલાનાં જાતી વિચારો જેવાજ છે. એટલે તે ઉપરે વધુ નહી લખતાં ફક્ત મી૦ ઉનાવાલાને એટલુંજ પુછીશું કે, મજકુર કાવ્યમાં એક ફકરામાં જણાવેલ છે કે–"છુટે જો કોઇ કેદથા રોવે કે ખુશી થાય" તો જે શખ્સ મર્ણ પામે (કએદના બંધનથી છુટે) તેને પોતાને તો એ સબંધમાં રોવાનું કે ખુશી થવાનું કાંઇ રહેતું નથી પણ પાછલ વાળાઓનાં સબંધમાં અગર મજકુર ફકરો લાગુ કરીએ તો થઇ શકે છે. તો હવે જોવાનું છે કે મનુષ્ય કુદરતી સ્વભાવ પ્રમાણે પોતાના સગા ઉપરે રોવે છે કે ખુશી થાય છે? ખુશી થવું ઘણું મુશ્કીલ છે! મી૦ઉનાવાલા ખુદા ન કરેને આપણો કોઇ જવાન ફરજંદ કે જવાન ભાઇ મર્ણ પામે, તો શું આપણે ખુશી થઇશું?

વિચારવાનું છે! ઉપરાંત ખુદા ન કરે ને આપણા કોઇ લાગતા વળગતા અથવા ઓળખીતાને ત્યાં કોઇ મર્ણ પામે તો દુન્યાનો ધારો છે કે, તેને દીલસોજીના વાકયો કહે અથવા લખે તો શું આપણે તે વખતે એમ કહીશું અથવા લખીશું? "કે અમો ઘણા ખુશી થયા છીએ કે, તમારો ફલાણો સગો જીસ્મની કએદના બંધનથી મુક્ત થયો છે!" મી૦ ઉનાવાલા! કાંઇક તો વીચારો!!

મી૦ ઉનાવાલાએ પુંઠા ઉપરે જે કાવ્ય લખી છે, તેના બદલે તેના મુકાબલે અમો છેવટમાં મજકુર 'રોઝતુશશોહદા' કિતાબમાંથીજ હ૦ ઇમામ હુસેન અ૦ ના છેવટના બોલો, જે હ૦ ઇમામ હુસેન અ૦ મે પોતાના ફરઝંદ હ૦ ઇમામ ઝએનુલઆબેદીન અ૦ ને વસીયત વખતે ફરમાવેલ-તે ટાંકીશું, કે જેથી મી૦ ઉનાવાલાના મતને વધુ વજન આપવું? કે હ૦ ઇમામ હુસેન અ૦ ના બોલોને વધુ માનવંતા સમજવા? તે વાંચકો સ્હેજે સમજી શકશે. (મજકુર બોલોમાં એટલે સુધી છે કે, ઇમામે ફરમાવ્યું છે કે, મારા ઉપરે રોવા વાલા અથવા કોઇને રડાવવા વાલા ઉપરે દોજખની આંચ હરામ છે, અને તેના વગર હું જન્નતમાં ન જાઇશ. વી૦ વી૦).

છેવટે આએ લખાણ સમાપ્ત કરતાં પહેલાં, હું મી૦ ઉનાવાલા તેમજ 'ઇસ્માઇલી સાહિત્ય ઉતેજક મંડળ" ના માનવંતા મેમ્બરોને નમ્ર અરજ ગુજારશ કે; નામદાર આગાખાન સાહે

હસનઅલ્લી સાહેબ તથા નામદાર આગાખાન શાહ અલીશાહ સાહેબ, બેઉ સાહેબો શું અઝાદારીની રસમો પાળતા નહોતા? અને તેની સાબીતીઓ શું તમારા કાને નથી પહોંચી? તે વિષે તમો શું જણાવો છો? અગર તમો નામદારોમાંથી કોઇએ પોતાની નજરે મજકુર સાહેબોને અઝાદારી કરતાં ન જોયા હોય; તો આગા હસનઅલીશાહ સાહેબના ઝમાનાના માણસો તો વખતે થોડા મળી શકશે; પણ બીજા આગાખાન સાહેબના વખતના ઘણા માણસો હજુન મોજુદ હશે. તેઓમાંથી કોઇને પુછી જોશો કે? મારા માનવંતા સાહેબો! તમો શીઆહ મઝહબને લગતા એક ફીરકાના છો જેથી હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી અને યાદગીરી બંધ કરાવવાના પ્રયાસમાં ન ઉતરશો, એવી અપીલ આપની સેવામાં ગુજારી આએ વિષય ખતમ કરીશ

સમાપ્ત.

હ૦ ઇમામ હુસેન અ૦ ની વસીય્યત-
ઇમામ ઝએનુલઆબેદીન પ્રત્યે.

(રોજતુશશોહદા મજલીસ ૯ મી પેજ ૧૪૮-૧૪૯)

ખલાસી પાકે જખ ઇસ કરબલા સું
તું પહોંચેગા મદીને ઔર નજફકું
મદીનેમેં મેરે જીને હએ યારાં
નજફમેં હએ મેરે જો દોસ્તદારાં
સલામ ઉન સખકો પોંહચાના યેહ મેરા
ગમ ઉસકે કાનમેં ભાના યેહ મેરા
ભી ઉનકો બોલ યું મેરે પીદરને
કહા હએ જખ લગાથા વોહ ગુઝરને
દેખેંગે જખ મુસીબત ઔર બલા તુમ
હોવેંગે દર્દો ગમમેં મુબ્તીલા તુમ
મેરી તો ગમ ગરીબી યાદ કરના
યેહ મઝલુમીકો મેરે ના બીસરના

ભુખા પ્યાસા મેં દુન્યાસું ચલાહુ
જલા દીલ પ્યાસમેં લે તલમલાહુ
તઆમે ખુબ યા પાની ખુનકતર
હોવે જીસવક્ત તુમના કો મયસ્સર
મુજકે ઉસવક્ત મ્યાંને તુમ કરો યાદ
અછેતા રૂહ મેરી તુમસેતી શાદ
દેખેંગે કુરતઆ મઝલુમકો જબ
મેરે તુમ યાદ કરના કતલકો તબ
ભી મેરે બોલ તું યેહ સખ્તીયાંકો
હવાદારાંને વોહ આખર ઝમાંકો
મેરા દિન રાત તુમ સબ યાદ કર ગમ
કરો અપના ગલા કર દિલ નેઅન નમ
જે કો મુજપર રોવેગા યા રૂલાવે
અપસકો જોર સું રોનેમેં લાવે
કરમ લે હશ્રમેં ઉસપર કરૂંગા
કદમ ઉસ બિન ન જન્નતમેં ધરૂંગા
જે કો મુજપર રોવેગા દિલમેં રખ સાંચ
હોવેંગી ઉસ્પે દોઝખકી હરામ આંચ.

હીદાયતના રીસાલા.

વરતેજીને ત્રેપન સવાલો—મી૦ જીમ નામના લેખકે મી૦ વરતેજીને તેમના મઝહબી આચાર વિચારનું પોઝીશન સાફ કરવાને ત્રેપન સવાલો પુછેલા છે. મી. વરતેજી તો ખોચી ખંજવાળતા થઇ ગયા છે. વકફ

મી૦ ચુનારાને પંચોતેર સવાલો—મીમ નામના લેખકે આગાખાની લેખક મી. ચુનારા તથા તેમના જેવા ગુલ્લાત વિચાર ધરાવનારાઓની શુદ્ધ ઠેકાણે લાવવાને પંચોતેર સવાલો પુછેલા છે. ચટપટીઓ રીસાલો છે. વકફ

મી૦ હુદાને ત્રીસ સવાલો—મી૦ અએન નામના આસામીએ મી૦ વલીભાઈ નાનજી હુદા (ઇસમાઇલી સતપંથ પ્રકાશના અધિપતિ) ને ઇમામતના મસલાની ચોખવટ માટે ત્રીસ સવાલો પુછેલા છે. વકફ

દફએ મુશકેલાત—મુંબઇની ઇસમાઇલીઆ સાહિત્ય ઉતેજક મંડળે "મુશકેલાત" નામનું પેમ્ફલેટ રચી હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારીની વિરૂદ્ધતા કરેલી, તેનો મી. મુસા જાફર મુમણ કચ્છ મુંદરાવાળાએ જવાબ આપ્યો તેની બીજી આવૃતિ. વકફ

નુસેરીનો હઠીલાઇ—મી૦ ચુનારાએ ઇસમાઇલી સતપંથ પ્રકાશમાં પોતાને નુસેરી જણાવેલ તેથી નુસેરીની માન્યતાનું ખંડન આ રીસાલામાં દસ હફતે કરવામાં આવ્યું છે. વકફ

પીર કેવો જોઇએ? તદન નવી આવૃતિ, કે જેમાં સાચા તથા ખોટા પીરોની કસોટીની દલીલો તથા તેમના રંગઢંગના કમકમાટી ભર્યા હેવાલો તથા હાજર પીરની તપાસ. કીંમત ચાર આના.

લખો—નુરેહીદાયત ઑફીસ.

અમરેલી—કાઠીઆવાડ.

નુરે હિદાયત.

"નુરે હીદાયત" નામનું માસિક ચોપાન્યું આજ ચાર વર્ષ થયાં ઘણી આબો તાબ સાથે દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે બહાર પડે છે જેમાં ઇસલામની ખરી ખુબીઓ બતાવી બેદીનીની સખ્ત ઝાટકણી કાઢવામાં આવે છે. ઉપરાંત સાંસારીક કેળવણી માટેના ઉમદા લેખો આપી કોમને આગળ વધારવાને ઉશકેરવામાં આવે છે ખોજાઓ તથા મોમિન કોમની દીની તથા દુન્યવી સુધારણા માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે રૈયલ આઠ પેજી પાંચ ફાર્મનું છતાં લવાજમ માત્ર રૂ. ૨ પોસ્ટેજ સાથે શ્રીમંતો પાસેથી રૂ. ૫) પહેલા બીજા તથા ત્રીજા વર્ષની પાકી બાઇન્ડીંગની ફાઇલોના દરેકના રૂ. ૧ પોસ્ટેજ ચાર ચાર આના.

એદલજી ધનજી કાબા

એડિટર નુરે હીદાયત અમરેલી—કાઠીયાવાડ.

હિદાયતનાં તાજાં પુસ્તકો.

હકીકતી રણશીંગડું—મી૦ વીરજી પ્રેમજી પારપીઆએ ગુલ્લાત વિચારો ફેલાવવા ' કાબા તિમિર ભાષ્કર " નામે પુસ્તક છાપેલું તેના સજ્જડ જવાબ. કીંમત બાર આના.

હકીકતી આઇનો—મી૦ વરતેજીની અટકા તથા ફટકા નામની ઇસલામ વિરૂદ્ધના લખાણોની ચોપડીનો હજારો દલીલો સાથનો તથા તેમની રૂપરેખા દેખાડનારો સજ્જડ તથા સંખ્યાબંધ મુર્દા દીલોને સજીવન કરનારો જવાબ. કીંમત બાર આના.

આફતાબે હીદાયત—(યાને કિબલાના સવાલ જવાબ) મી૦ વરતેજીએ કીબલા બાબે ત્રણ ખોજા આસામીઓએ આગા સાહેબને મઝહબી સવાલો પુછેલા તેના ખંડનમાં હાજર ઇમામની હીદાયત નામે પોતાનાજ પગમાં કુહાડો મારનારી ચોપડી છપાવી તેનો જવાબ સત્તાવાર દલીલો સાથે તેમની પોલ ખોલી ખોજાઓને હિદાયતનો આફતાબ દેખાડયો છે. કીમત ચાર આના.

ઇમામ કેવો જોઇએ ?—સાચા તથા ખોટા ઇમામોની કસોટીની દલીલો તથા તેમના રંગ ઢંગના કમકમાટી ભર્યા હેવાલો તથા મી૦ વરતેજીના કોણ કહે છે રાંપીનો ઘા ! જેવા લખાણનો સજ્જડ જવાબ. કીમત ચાર આના.

લખો—નુરે હિદાયત ઓફીસ.
અમરેલી—કાઠીઆવાડ.